અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ જૂન ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૫ | અંક : ૩૪૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું

## હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ ખરાબ હવામાન હોવાનું કહેવાય છે : સોનપ્રયાગ પોલીસ સ્ટેશન અને DDRF ટીમ બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી



। (એજન્સી) દેહરાદૂન, તા.૧૫ ।

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર સવારે ૫.૨૦ વાગ્યે ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા છે. આ સાત લોકોમાં એક ગુજરાતના વ્યક્તિ હોવાની માહિતી સામે આવી રહી હતી. પરંતુ વધારે તપાસમાં તે વ્યક્તિ મહારાષ્ટ્રનો વ્યક્તિ હોવાની પુષ્ટી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આર્યન કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માત ગૌરીકુંડ અને ત્રિજુગીનારાયણ નારાયણ વચ્ચે થયો હતો. હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ ખરાબ હવામાન હોવાનું કહેવાય છે. તે જ સમયે, આ અકસ્માતની માહિતી આપતા, ઉત્તરાખંડના એડીજી લો અને ઓર્ડર, ડૉ. વી મુરુગેશે જણાવ્યું હતું કે, દેહરાદૂનથી કેદારનાથ જઈ રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડમાં ક્રેશ થયું હતું. સીએમ પુષ્કર સિંહ ધામીએ આ ઘટના અંગે નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું છે કે, રુદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થવાના ખૂબ જ દુ:ખદ સમાચાર મળ્યા છે. SDRF, સ્થાનિક વહીવટીતંત્ર અને અન્ય બચાવ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગઈ છે. હું બાબા કેદારને તમામ ભક્તોની સલામતી માટે પ્રાર્થના કરું છું.

ગુપ્તકાશી સ્થિત આર્યન હેલી એવિએશનનું એક હેલિકોપ્ટર કેદારનાથથી ગુપ્તકાશી માટે ૬ મુસાફરો સાથે ઉડાન ભરી રહ્યું હતું, જે સમયસર ગુપ્તકાશી પહોંચી શક્યું ન હતું. કેદારનાથથી ગુપ્તકાશી આવતા સમયે અચાનક ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યું છે કે, જ્યાં દુર્ઘટના થઈ તે સ્થળ ગૌરીકુંડથી લગભગ ૦૫ કિમી ઉપર ગૌરી માઈ ખાર્ક નામનું સ્થળ છે. SDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સોનપ્રયાગ પોલીસ સ્ટેશન અને DDRF ટીમ બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. ઉત્તરાખંડના કેદારનાથમાં આજે સવારે થયેલા હેલિકોપ્ટર ક્રેશમાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ થઈ ગઈ છે. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને મૃતકોમાં એક બાળકીનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં BKTCના એક કર્મચારીનો પણ જીવ ગયો છે. મૃતકોની યાદીમાં ૨ મહિલાઓના નામ પણ સમાવેશ થાય છે. ક્રેશ થયેલ હેલિકોપ્ટર કેદારનાથના દર્શન કર્યા પછી ભક્તો સાથે ગૌરીકુંડ માટે ઉડાન ભરી હતી. જ્યાં અકસ્માત થયો તે સ્થળ એક દૂરસ્થ વિસ્તાર છે. મહત્વનું છે કે,ઉત્તરાખંડના ચારધામમાંથી એક એવા કેદારનાથ નજીક હેલિકોપ્ટર ક્રેશ થવાની દુર્ઘટના બની છે. જેમાં ૭ લોકોના મોત થયા છે. દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરમાં કેટલાક ગુજરાતી હોવાની પણ આશંકા હતી, પરંતુ પાછળથી તેમાં રદિયો આપ્યો છે. મૃતકોમાં ૨ વર્ષની એક બાળકી પણ સામેલ છે. ખરાબ હવામાનના કારણે દુર્ઘટના બની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આજે સવારે લગભગ ૫:૧૭ વાગ્યે આર્યન કંપનીનું હેલિકોપ્ટર કેદારનાથ હેલિપેડથી ગુપ્તકાશી હેલિપેડ માટે ઉડાન ભરી રહ્યું હતું, પરંતુ રસ્તામાં ખરાબ હવામાનને કારણે હાર્ડ લેન્ડિંગ કરતી વખતે હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું. રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ અકસ્માત પર દુ:ખ વ્યક્ત કર્યું અને અકસ્માતની તપાસના આદેશ આપ્યા. તેમણે મૃતકોના પરિવારજનોને શક્ય તમામ મદદ અને સહાયની ખાતરી પણ આપી. પોલીસે અકસ્માતનો કેસ નોંધ્યો છે. તમને જણાવી દઈએ કે રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ પણ ૭ દિવસ પહેલા વિવિધ હેલિકોપ્ટર કંપનીઓ સાથે બેઠક યોજી હતી અને સૂચના આપી હતી કે કંપનીઓ ભવિષ્યમાં કોઈ અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખે. કંપનીઓને હેલિકોપ્ટરની ખામીઓ દૂર કરવા પણ કહેવામાં આવ્યું હતું. ધામી સરકાર પાસે જે હેલિકોપ્ટર છે તેમાં ૨ એન્જિન છે, જ્યારે કેટલીક કંપનીઓ પાસે એક એન્જિનવાળા હેલિકોપ્ટર છે, જે અકસ્માતોનું કારણ બને છે.

### હેલિકોપ્ટરમાં નીચે મુજબના લોકો સવાર હતા

૧. શ્રદ્ધા રાજકુમાર જયસ્વાલ (૩૫ વર્ષ - મહારાષ્ટ્ર)
૨. રાશી (૧૦ વર્ષ - મહારાષ્ટ્ર)
૩. રાજકુમાર સુરેશ જયસ્વાલ (૪૧ વર્ષ - મહારાષ્ટ્ર)
૪. વિક્રમ (કેદારનાથ ઉત્તરાખંડ)
૫. વિનુદ દેવી (૬૬ વર્ષ - ઉત્તર પ્રદેશ)
૬. તુસ્તી સિંહ (૧૯ વર્ષ - ઉત્તર પ્રદેશ)
૭. કેપ. રાજવીર સિંહ ચૌહાણ (પાયલોટ)

### અમદાવાદ પ્લેન ક્રેશમાં અમારો કોઈ હાથ નથી

। (એજન્સી) તૂર્કીયે, તા.૧૫ ।

અમદાવાદમાં એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન ગુરુવારે (૧૨મી જૂન) ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં મૃતકાંક ૨૭૮ને સ્પર્શી ગયો છે. આ વિમાન ક્રેશ થયા પછી એવી ચર્ચા થઈ હતી કે એર ઈન્ડિયાના વિમાનનું મેન્ટેનન્સ તુર્કીયેની કંપની પાસે હોવાથી, તેણે કોઈ ષડયંત્ર ઘડ્યું હોય. જો કે, આ અંગે તુર્કીયેની પ્રતિક્રિયા સામે આવી છે. તુર્કીયેના કોમ્યુનિકેશન ડિરેક્ટોરેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું 'તુર્કિશ ટેકનિક દ્વારા બોઈંગ ૭૮૭-૮ પેસેન્જર વિમાનનું મેન્ટેનન્સ કરવામાં આવ્યો હોવાના તમામ દાવા ખોટા છે.' અમદાવાદ વિમાન દુર્ઘટનામાં તુર્કીયેની કંપનીનું નામ ચર્ચામાં આવતા તુર્કીયેના કોમ્યુનિકેશન ડિરેક્ટોરેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું 'અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭-૮ વિમાનના મેન્ટેનન્સ તુર્કિશ ટેકનિક પાસે નહોતું. આવા તમામ દાવાઓ સંપૂર્ણપણે ખોટા છે. ૨૦૨૪-૨૫માં એર ઈન્ડિયા અને તુર્કિશ ટેકનિક વચ્ચે થયેલા કરારો હેઠળ, ખાસ કરીને B777 પ્રકારના વાઈડ-બોડી વિમાનોનું મેન્ટેનન્સ કરવામાં આવે છે. ક્રેશ થયેલ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર આ કરારમાં આવતું નથી.'






સાયપ્રસના લાર્નાકા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ચારધામ યાત્રામાં હેલિકોપ્ટર સેવા બંધ કરવા નિર્ણય લેવાયો

। કેદારનાથ, તા.૧૫ ।

કેદારનાથ નજીક રૂદ્રપ્રયાગમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન હેલિકોપ્ટર સેવાઓ આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. યુકાડા (ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ) અને DGCAએ સંયુક્ત રૂપે આ નિર્ણય લીધો છે. આ નિર્ણય રવિવારે ગૌરીકુંડમાં હેલિકોપ્ટર ક્રેશની ઘટના બાદ લેવામાં આવ્યો છે. જેમાં સાત લોકોના મોત થયા છે.

#### પાકિસ્તાને અમેરિકાને આપી પરમાણુ ધમકી

## જો ઈરાન પર હુમલો થશે તો ઈઝરાયલ હશે નિશાને

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫ ।

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાને ચેતવણી આપી છે. પાકિસ્તાને અમેરિકાને જણાવ્યું છે કે જો ઈરાન પર કોઈ પરમાણુ હુમલો થશે, તો પાકિસ્તાન ઈઝરાયલ પર પરમાણુ બદલો લેવા માટે એટેક કરશે.આ મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાને અમેરિકા અને ફ્રાન્સ બંનેને પોતાનું વલણ સમજાવ્યું છે. પાકિસ્તાને આ દેશોને એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ દેશ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંભવિત યુદ્ધમાં સીધો હસ્તક્ષેપ કરશે, તો પાકિસ્તાની સેના ઈઝરાયલ સામેના યુદ્ધમાં ઈરાન સાથે જોડાશે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ચરમસીમાએ છે અને પરમાણુ કાર્યક્રમ અંગે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતાઓ રહેલી છે. પાકિસ્તાનનું વલણ આ ક્ષેત્રમાં કોઈપણ લશ્કરી સંઘર્ષના ગંભીર પરિણામોને રેખાંકિત કરે છે, જેમાં પરમાણુ યુદ્ધની શક્યતાનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાન, જે પોતે એક પરમાણુ શક્તિ છે, તેનું આ નિવેદન પ્રાદેશિક સુરક્ષા અને વૈશ્વિક સ્થિરતા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તે મધ્ય પૂર્વમાં કોઈપણ લશ્કરી ઉગ્રતાના સંભવિત વિનાશક પરિણામોને પ્રતિબિંબિત કરે છે,.

#### કાટમાળ નીચે દટાઈ જવાથી ૩ લોકોના મોત

## ઉત્તર પ્રદેશના મથુરામાં એક સાથે ૬ ઘરો ધરાશાયી થયા

। (એજન્સી) મથુરા, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના મથુરામાં એક સાથે ૬ ઘરો ધરાશાયી થવાનો મામલો સામે આવ્યો છે. કાટમાળ નીચે દટાઈ જવાથી ૩ લોકોના મોત થયા છે. તે જ સમયે, ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા હોવાનું કહેવાય છે, તેમને કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અચાનક ઘરો ધરાશાયી થવાથી વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે અહીંના ઘેરા (ખુલ્લી જમીન) માં JCB વડે ખોદકામ ચાલી



રહ્યું હતું. આ દરમિયાન આ અકસ્માત થયો. મથુરાના ગોવિંદ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મોટી ઘટના પ્રકાશમાં આવી છે. અહીં કાચી રોડ પર બનેલા ૬ ઘરો અચાનક ધરાશાયી થયા. આ મકાનો કાચાના ટેકરા પર બાંધવામાં આવ્યા હતા. ઘર પડવાનો અવાજ સાંભળીને નજીકમાં રહેતા લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી આવ્યા. માહિતી મુજબ, રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ૬ મકાનો અચાનક ધરાશાયી થયા. અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે. ૪ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. ૧૦-૧૨ લોકો હજુ પણ દટાયેલા હોવાના સમાચાર છે. કાટમાળ નીચે દટાયેલા લોકોને બહાર કાઢવાનું કામ ચાલુ છે. માહિતી મળતાં પોલીસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, વહીવટીતંત્ર અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

#### નેતન્યાહૂના પેન્ટાગન પર પડી મિસાઈલ

## ઈરાને હુમલો કરી ભેદી કાઢ્યું ઈઝરાયેલનું સૌથી મોટું કવચ

। (એજન્સી) તહેરાન, તા.૧૫ ।

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે જંગ છેડાઈ ગઈ છે. ઈઝરાયેલે ઈરાન પર એટેક કરીને તેહરાનમાં ભીષણ તબાહી મચાવી હતી. હુમલાઓના કારણે હાહાકાર મચ્યો. હવે ઈરાને પણ પલટવાર કર્યો. એક ખૌફનાક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે ઈરાની મિસાઈલ કેવી રીતે આયર્ન ડોમ તોડીને ઈઝરાયેલના ડિફેન્સ હેડક્વાર્ટર પર જઈ પડી. આયર્ન ડોમ ઈઝરાયેલની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ છે. આયર્ન ડોમ ઈઝરાયેલની અત્યંત શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ છે જે હવાઈ હુમલાથી રક્ષા મુખ્યાલયની સુરક્ષા કરે છે. તેલ અવીવ ઉપરાંત અન્ય શહેરોને ટાર્ગેટ કરીને ઈરાને ૧૫૦થી વધુ મિસાઈલો છોડી છે. આ હુમલાઓના કારણે ઈઝરાયેલને ભારે નુકસાન થયું છે. વીડિયોમાં મિસાઈલ ગુંબજને તોડીને રક્ષા મુખ્યાલય પર પડતી જોવા મળી રહી છે. આ વીડિયોને એક્સ પર પોસ્ટ કરી લખાયું છે કે ઈરાને પહેલા હુમલા હેઠળ તેલ અવીવ સ્થિત ઈઝરાયેલી રક્ષા મંત્રાલયના મુખ્યાલયને નિશાન બનાવ્યું. ૧૯ સેકન્ડનો આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. બેકગ્રાઉન્ડમાં માર્ગનિટ ટાવર પણ જોઈ શકાય છે.

#### આ ફાઈટર જેટ તિરુવનંતપુરમમાં ઊભું છે

## ભારતમાં બ્રિટિશ ફાઈટર જેટ F-35નું ઇમરજન્સી લેન્ડિંગ

।(એજન્સી) તિરુવનંતપુરમ, તા.૧૫।

બ્રિટિશ નૌકાદળના F-35 ફાઈટર જેટે શનિવારે રાત્રે ઈંધણના અભાવે કેરળના તિરુવનંતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. આ જેટ HMS પ્રિન્સ ઓફ વેલ્સ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે જે તાજેતરમાં ભારતીય નૌકાદળ સાથે સંયુક્ત કવાયતમાં સામેલ હતું. ખરાબ હવામાનને કારણે નિર્ધારિત રિફ્યુઅલિંગ પોઈન્ટ પર લેન્ડિંગ શક્ય નહોતું. બ્રિટિશ નૌકાદળમાં તૈનાત F-35 ફાઈટર



જેટે શનિવારે મોડી રાત્રે કેરળના તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. આ પાછળનું કારણ જેટમાં ઈંધણનો અભાવ હોવાનું કહેવાય છે. પાઈલટને ખ્યાલ આવતા જ કે પેટમાં ઈંધણનો અભાવ છે અને તે ગમે ત્યારે અકસ્માતનો ભોગ બની શકે છે. આ પછી, તેણે નજીકના હવાઈ ક્ષેત્રમાંથી ઈમરજન્સી લેન્ડિંગ માટે પરવાનગી માંગી. તેને કેરળના નજીકના તિરુવનંતપુરમ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું. શનિવારે મોડી રાત્રે ઈમરજન્સી લેન્ડિંગ થયા બાદથી આ ફાઈટર જેટ તિરુવનંતપુરમમાં ઊભું છે. આ જેટ યુકેના HMS પ્રિન્સ ઓફ વેલ્સ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે, જે હાલમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં તૈનાત છે અને તાજેતરમાં ભારતીય નૌકાદળ સાથે સંયુક્ત કવાયત પૂર્ણ કરી છે.

#### ધાર્મિક કાર્યક્રમ દરમિયાન તેલંગાણામાં મોટી દુર્ઘટના

## ગોદાવરી નદીમાં ડુબી જવાથી પાંચ યુવકોના મોત નીપજ્યા

। (એજન્સી) નિર્મલ, તા.૧૫ ।

તેલંગાણાના નિર્મલ જિલ્લાના બસરમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ગોદાવરી નદીમાં નહાવા પડેલા પાંચ યુવકોના ડૂબ જવાથી મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. પાંચેય યુવકો એકજ પરિવારના હોવાનું જણાય છે, જેઓ હૈદરાબાદના ચિંતલના રહેવાસી છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને યુવકોના મૃતદેહને પીએમ અર્થે ભૈંસા સરકારી હોસ્પિટલ ખાતે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોદાવરી નદી કિનારે સરસ્વતી માતાનું પ્રચીન મંદિર આવેલું છે. બાળકોને ભણાવતા પહેલા અહીં તેમને અક્ષરાભિષેક માટે લાવવામાં આવે છે. એવી માન્યતા છે કે, બાળકોના જીવનનો પહેલો અક્ષર અહીં લખાવાથી તેમનું શૈક્ષણિક જીવન હંમેશા માટે સફળ રહે છે. આ કારણે હૈદરાબાદના ૩ પરિવારોના ૧૮ સદસ્ય આ ધાર્મિક કાર્યક્રમમાં આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મંદિરમાં દર્શન પહેલાં યુવકો ધાર્મિક વિધિના ભાગરૂપે ગોદાવરી નદીમાં પવિત્ર સ્નાન કરવા ગયા હતા.

#### ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને ચેતવણી

## અમેરિકા પર હુમલો કરવા અંગેની કોઈ ભૂલ ના કરતાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ઈરાન દ્વારા અમેરિકાના સૈન્ય મથકને ટાર્ગેટ બનાવવાની યોજના પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભડકી ઉઠ્યા છે. ટ્રમ્પે ઈરાનને ખુલ્લેઆમ ધમકી આપી છે કે, જો ઈરાને અમેરિકાના મથકો અને સંપત્તિ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો તો અમારી આખી અમેરિકન સેના એમના પર તૂટી પડશે. ઈઝરાયલ દ્વારા ઈરાન પર એર સ્ટ્રાઈક થયા બાદ ટ્રમ્પ સતત ઈરાનને સમજાવવા અને



હથિયારો નાખી દેવા મનાવી રહ્યા છે. ટ્રમ્પે અગાઉ ઈરાનને કહ્યું હતું કે, તમે પરમાણુ ડીલમાં સમાધાન કરી લો, નહીં તો માઠા પરિણામો ભોગવવા પડશે. ત્યારબાદ આજે ફરી ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે. ટ્રમ્પે પોતાના પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર ખામેનેઈના નેતૃત્વ હેઠળના ઈસ્લામિક રિપબ્લિકને સીધો સંદેશ આપ્યો હતો કે, ઈરાન પર થયેલા હુમલામાં અમેરિકાનો કોઈ હસ્તક્ષેપ નથી. જો તેઓએ અમારા પર કોઈપણ રીતે હુમલો કરવાનો પ્રયાસ કર્યો તો, અમારી અમેરિકાની સેના પૂરા બળ સાથે ઈરાન પર હુમલો કરશે. જે અગાઉ ક્યારેય જોયો નહીં હોય. અમે આ લોહિયાળ યુદ્ધ રોકવા માટે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ડીલ કરાવવા પ્રયાસ કરી રહ્યા છીએ. ટ્રમ્પે વધુ એક પોસ્ટમાં કહ્યું હતું કે, મેં ઈરાનને પરમાણુ ડીલ કરવા માટે ૬૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું.





ગત ગુરુવારે અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થતાં પ્લેનમાં સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૨૭૦ લોકોના નિધનથી સમગ્ર દેશ શોકમગ્ન છે. આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આત્માઓને ઠેર ઠેર શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે, ત્યારે અમરેલી-ધારીના ગીર દુધાળા ગામે પણ એક અનોખો કાર્યક્રમ યોજી આ મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. જેમાં પી. પી. સવાણી ગ્રૂપ દ્વારા ૧૦૨ વીઘા જમીનમાં ૧૦ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે.

# દીકરાનો મૃતદેહ વતન આવતા ગામના લોકો હિબકે ચઢ્યા

। (એજન્સી) બોટાદ, તા.૧૫ ।

અમદાવાદમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના વતની હાર્દિકભાઈ અવૈયા ઉંમર ૨૪ વર્ષે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાર્દિકનો મૃતદેહ આજે સવારે તેમના વતન અડતાળા ગામે લાવવામાં આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ યુવાન પુત્રના અકાળે અવસાનથી અવૈયા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. અમદાબાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હાર્દિકભાઈ અવૈયાનો મૃતદેહ અડતાળા લાવવામાં આવ્યો હતો. હાર્દિકનો મૃતદેહ ઘરે પહોંચતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો. દીકરાના લાશ જોતા જ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. હાર્દિકને લંડન અભ્યાસ માટે તેના પિતા દેવરાજભાઈ અવૈયાએ જમીન વેચીને મોકલ્યો હતો. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના અળતાલા ગામના હાર્દિકભાઈ અવૈયા છેલ્લા ત્રણ વર્ષથી લંડનમાં અભ્યાસ અને નોકરી કરતા હતા. તેમના પિતા દેવરાજભાઈ અવૈયાએ પોતાના પુત્રના ઉજ્જ્વળ ભવિષ્ય માટે જમીન વેચીને તેમને લંડન મોકલ્યા હતા. દેવરાજભાઈને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે, જેમાં હાર્દિક સૌથી નાના હતા. હાર્દિકભાઈ તાજેતરમાં જ વતનમાં આવ્યા હતા. કારણ કે તેમનું કામરેજ તાલુકાના વિભૂતિબેન પટેલ સાથે સગાઈ નક્કી થઈ હતી. દીકરાના આગમનથી પરિવારમાં ખુશીનો માહોલ હતો, પરંતુ વિમાન દુર્ઘટનાએ આ ખુશીને માતમમાં ફેરવી દીધી. હાર્દિકભાઈની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળતા જ આખું અડતાળા ગામ હિબકે ચડ્યું હતું. ગામમાં શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો અને સગા-સંબંધીઓ હાર્દિકભાઈને અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યા હતા. આ દુઃખદ પ્રસંગે ગઢડા મામલતદાર, પોલીસ ટીમ અને મેડિકલ ટીમ પણ હાજર રહી હતી અને પરિસ્થિતિને સંભાળવામાં મદદ કરી હતી.

### વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાનો મોટો નિર્ણય

# હાલ અમદાવાદથી લંડન જવા માટે એર ઈન્ડિયાની કોઈ ફ્લાઈટ ઉડાન નહિ ભરે

## એર ઈન્ડિયાએ લીધેલા નિર્ણયને પગલે આગામી શનિવારની ફ્લાઈટ શિડ્યુલમાંથી હટાવી દેવાઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતના અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૭૦ પર પહોંચી ગયો છે. લંડન જતી બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાનની દુર્ઘટના બાદ, શુક્રવારથી શનિવાર રાત્રે ૯ વાગ્યા સુધી ૧૯ મૃતદેહોનું ડીએનએ પ્રોફાઈલિંગ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે અને ૧૨ મૃતદેહોને તેમના સ્વજનોને સોંપાયા છે. પરંતુ આ વચ્ચે એર ઈન્ડિયાએ એક મોટો નિર્ણય લીધો છે.

૧૨ જૂને થયેલ પ્લેન ક્રેસ દુર્ઘટનામાં એર ઈન્ડિયાની લંડનની ફ્લાઈટ અકસ્માતનો ભોગ બની હતી. આ દુખદ ઘટના બાદ એર ઈન્ડિયા દ્વારા નિર્ણય લેવાયો છે. અમદાવાદથી સીધી લંડન જતી ફ્લાઈટ હાલ બંધ કરવામાં આવી છે. એટલે કે, હાલ અમદાવાદથી લંડન



જવા માટે એર ઈન્ડિયાની કોઈ ફ્લાઈટ ઉડાન નહિ ભરે. એર ઈન્ડિયાએ લીધેલા નિર્ણયને પગલે આગામી શનિવારની ફ્લાઈટ શિડયુલમાંથી હટાવી દેવાઈ હતી. હવે આગામી દિવસમાં અમદાવાદથી લંડનની ફ્લાઈટ ક્યારે શરૂ થશે તે હજુ નક્કી નથી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ શનિવારે જણાવ્યું હતું કે, આ દુર્ઘટના બાદ અમે તમામ બોઈંગનું ચેકિંગ શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં ૯ બોઈંગ ૭૮૭ વિમાનોની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. બાકીના ૨૪ વિમાનોની તપાસ પણ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. કેટલાક કિસ્સાઓમાં, આ તપાસ ટર્નઅરાઉન્ડ સમયમાં વધારો કરી શકે છે, જેના કારણે લાંબા અંતરની ફ્લાઈટ્સમાં વિલંબ થઈ શકે છે. ખાસ કરીને એવા એરપોર્ટ પર જ્યાં રાત્રિ કર્ફ્યુ લાદવામાં આવે છે. તેમણે કહ્યું કે મુસાફરોને સમયસર કોઈપણ વિલંબ વિશે જાણ કરવામાં આવશે. મુસાફરી કરતા પહેલા airindia.com પર તમારી ફ્લાઈટની સ્થિતિ તપાસો. અસરગ્રસ્ત મુસાફરોને રિફંડ અથવા મફત રિશેડ્યુલિંગનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ પહેલ કરવામાં આવી રહી છે.

### વીજળી પડવાના લાઈવ દ્રશ્યો કેમેરામાં કેદ

# ખંભાત મુખ્ય બજારમાં ટાવર પર વીજળી પડી

। (એજન્સી) આણંદ, તા.૧૫ ।

ખંભાતમાં વીજળી પડવાની ઘટના બની હતી. ખંભાત મુખ્ય બજારમાં ટાવર પર વીજળી પડી હતી. વીજળી પડવાની ઘટના કેમેરામાં કેદ થઈ હતી. મોડી રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદ દરમિયાન વીજળી પડવાની ઘટના બની હતી. સદનસીબે આ વીજળી પડવાની ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ. વીજળી પડતા આસપાસના રહેવાસીઓમાં દહેશતનો માહોલ છે. આણંદના ખંભાતમાં વીજળી પડવાનાની ઘટના બની છે. વીજળી પડવાના લાઈવ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. મોબાઈલ ટાવર પર આકાશી વીજળી પડી હતી. વીજળી પડવાના દ્રશ્યો સ્થાનિકોના મોબાઈલમાં કેદ થયા હતા. વીજળી પડતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આણંદ-સોજિત્રા રોડ પર વાવાઝોડાથી બે વૃક્ષો ધરાશાયી થયા હતા. રોડ પર પસાર થઈ રહેલા વાહનોને નુકસાન થયું છે. આણંદ અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદ સાથે વાવાઝોડું આવ્યું હતું. વાવાઝોડાના કારણે આણંદ-સોજિત્રા રોડ પર બે વિશાળ વૃક્ષો ધરાશાયી થયા હતા. ઘટનાની જાણ થતા જ આણંદ ફાયર બ્રિગેડની ટીમને જાણ કરાતા ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ધરાશાયી થયેલા વૃક્ષો નીચે એક રીક્ષા અને એક કાર દબાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. દબાયેલા વાહનોને બહાર કાઢ્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ગુજરાતમાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આજે પણ વરસાદની આગાહી કરી છે.

### પી. પી. સવાણી ગ્રુપે એક એનોખી પહેલ હાથ ધરી

# ૧૦૨ વીઘા જમીનમાં ૧૦ હજાર વૃક્ષો વાવી મૃતકોને અનોખી શ્રદ્ધાંજલિ અપાઈ

## દરેક મૃતકોના નામે અમરેલી-ધારીના ગીર દુધાળા ગામે ૧૦૨ વીઘા જમીનમાં ૧૦ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનાનાં મૃતકોને શ્રદ્ધાંજલિ પી. પી. સવાણી ગ્રુપે એક એનોખી પહેલ હાથ ધરી છે, જે અંતર્ગત દરેક મૃતકોના નામે અમરેલી-ધારીના ગીર દુધાળા ગામે ૧૦૨ વીઘા જમીનમાં ૧૦ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે. ગત ગુરુવારે અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થતાં પ્લેનમાં સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૨૭૦ લોકોના નિધનથી સમગ્ર દેશ શોકમગ્ન છે.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આત્માઓને ઠેર ઠેર શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે, ત્યારે અમરેલી-ધારીના ગીર દુધાળા ગામે પણ એક અનોખો કાર્યક્રમ યોજી આ મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. જેમાં પી. પી. સવાણી ગ્રૂપ દ્વારા ૧૦૨ વીઘા જમીનમાં ૧૦ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે. આ ભાવભર્યા કાર્યક્રમમાં દરેક વૃક્ષ પર મૃતકોના નામ લખીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. શ્રદ્ધાંજલિનો મૂળ વિચાર હતો, "એક જીવનના બદલે બે જીવનરૂપી વૃક્ષોનું વાવેતર", જે પર્યાવરણ સંરક્ષણ સાથે મૃતકોની યાદને ચિરસ્થાયી બનાવવાનો એક પ્રેરણાદાયી પ્રયાસ હતો. આ કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અન્ય મૃતકોના નામે વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

જે એક ભાવનાત્મક અને પર્યાવરણલક્ષી શ્રદ્ધાંજલિ તરીકે યાદ રહેશે. વૃક્ષારોપણનું કાર્ય પિતાની છત્રછાયા ગુમાવનારી દીકરીઓ, પી. પી. સવાણી ગ્રૂપના સ્થાપક મહેશભાઈ સવાણીની પુત્રવધૂ, તેમજ દેશનું ગૌરવ વધારનારી કિક બોક્સિંગ ખેલાડી ડિકલ ગોરખા અને ખુશી ગોરખાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારીના મામલતદાર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO), પોલીસ ઈન્સ્પેક્ટર (PI), અને વિસ્તારના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સામૂહિક રીતે આ ભાવવાહી શ્રદ્ધાંજલિમાં સહભાગી થઈને મૃતકોને યાદ કર્યા હતા. અમદાવાદ વિમાન દુર્ઘટનાએ ગુજરાત સહિત આખા દેશને ઝટકો આપ્યો હતો. આ ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેટલાક ઉદ્યોગપતિઓએ પણ જીવ ગુમાવ્યા છે. આ દુઃખદ ઘટના બાદ ગીર દુધાળા ગામે યોજાયેલા આ કાર્યક્રમે શોકગ્રસ્ત પરિવારોને ભાવનાત્મક ટેકો આપવાની સાથે પર્યાવરણ સંરક્ષણનો મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો છે.

### કામગીરી અંગે વિવિધ ફેરફારો કરવાનો આદેશ કર્યો

# વડોદરા કોર્પોરેશનમાં ૧૯ ઇજનેરોની સામૂહિક બદલી

## ૧૯ ઇજનેરોની મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ સામૂહિક બદલી કરતા ઈજનેરોમાં ચર્ચાનો વિષય બન્યા

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરા કોર્પોરેશનમાં સમગ્ર સભાએ ત્રણ કાર્યપાલક ઈજનેરની નિમણૂકને મંજૂરી આપી તેની સાથે મળી ૧૯ ઈજનેરોની મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ સામૂહિક બદલી કરતા ઈજનેરોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વડોદરા મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનરે વહીવટી અનુકૂળતા અંગે અધિકારીઓને તેમની કામગીરી અંગે વિવિધ ફેરફારો કરવાનો આદેશ કર્યો છે. તાજેતરમાં પ્રશાંત જોશી વસંત સિંગલ અને દર્શિલ મહેતાની કોર્પોરેશનની સામાન્ય સભાએ કાર્યપાલક ઈજનેર તરીકેની મંજૂરી આપી હતી. તેઓને વિવિધ વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ધાર્મિક દવે કાર્યપાલક ઈજનેર-હાલમાં પાણી પુરવઠા, બ્રિજ પ્રોજેક્ટ, ટ્રાફિક શાખા, સંકલન તથા હવાલાના એડી. સીટી એન્જિ. (પાણી પુરવઠા, ડ્રેનેજ, સુએજ) ને હાલની ફરજો ઉપરાંત રોડ પ્રોજેક્ટમાં કાર્યપાલક ઈજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે બ્રિજ પ્રોજેક્ટ અને ટ્રાફિકની ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેવી જ રીતે રાજેન્દ્ર વસાવા હાલમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફ્યુચરિસ્ટિક સેલ, સેન્ટ્રલ સ્ટોર, હેરિટેજ સેલ, અને પશ્ચિમ ઝોન (વોર્ડ ૮-૯)ને હેરિટેજ કન્ઝર્વેશન તમામ સંબંધીત કામગીરી સંદર્ભે કાર્યપાલક ઈજનેર તરીકે સ્વતંત્ર હવાલો સંભાળવાનો રહેશે. સેન્ટ્રલ સ્ટોર અને પશ્ચિમ ઝોન વોર્ડ ૮-૯ ની કામગીરી યથાવત રહેશે. તથા હરિતીમા શર્મા-કાર્યપાલક ઈજનેર-વરસાદી ગટરને ફ્યુચરીસ્ટિક પ્લાનિંગ સેલમાં કાર્યપાલક ઈજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. વરસાદી ગટર પ્રોજેક્ટમાં કાર્યપાલક ઈજનેર તરીકે પશ્ચિમ-દક્ષિણ ઝોનમાં કામગીરી કરવાની રહેશે. તથા પ્રશાંત જયંતીલાલ જોશી-કાર્યપાલક તરીકે આંતરિક પસંદગીથી નવીન નિમણૂક કાર્યપાલક ઈજનેર ઉત્તર ઝોનમાં હાલ કામગીરી કરે છે તેમને હાલની ફરજો ઉપરાંત બ્રિજ પ્રોજેક્ટમાં કાર્યપાલકને તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. તેવી જ રીતે મહેશ કે વણકર-નાયબ કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ પ્રોજેક્ટને હાલની ફરજો ઉપરાંત કાર્યપાલક ઈજનેર તરીકે વરસાદી ગટરમાં પૂર્વ-ઉત્તર ઝોનની વધારાની કામગીરી કરવાની રહેશે. તેમજ ભાર્ગવ પંડિત-હ.કાર્યપાલક ઈજનેર રોડ પ્રોજેક્ટ (પૂર્વ-ઉત્તર) તથા નાયબ કાર્યપાલક ઈજનેર વોર્ડ નં. ૧૩ને રોડ પ્રોજેક્ટમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે તમામ ઝોનની કામગીરી કરવાની રહેશે. વોર્ડ-૧૩ની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે છે. ઉપરાંત હેતલબેન રૂપાપરા કાર્યપાલક ઈજનેર રોડ પ્રોજેક્ટ શાખામાં હ.કાર્યપાલક ઈજનેર (પશ્ચિમ-દક્ષિણ ઝોન) અને ના.કા.ઈ. (ઉત્તર-પશ્ચિમ ઝોન) ને વોર્ડ નંબર ૧૩ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકેની ફરજો સંભાળવાની રહેશે રોડ પ્રોજેક્ટની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

### આગામી ગ્રામ પંચાયત ચૂંટણી ૨૨ જૂનના રોજ યોજાવવાની છે

# બોટાદના ભીમડાદ ગામમાં પડતર પ્રશ્નો ઉકેલવાની લોકોની માગ

। (એજન્સી) બોટાદ, તા.૧૫ ।

આગામી ગ્રામ પંચાયત ચૂંટણી ૨૨ જૂનના રોજ યોજાવવાની છે, ત્યારે બોટાદ તાલુકાના ભીમડાદ ગામમાં ચૂંટણી યોજાવવા જઈ રહી છે. ગામમાંથી પસાર થતાં માર્ગ અને મકાન વિભાગનો મુખ્ય ધોરી માર્ગ બિસ્માર હાલતમાં છે. બોટાદને જોડતો સાલૈયા જોટીંગડા રોડ તેમજ મેઘવડિયા તરફ જતો રસ્તો કેટલાય વર્ષોથી ખખડધજ બની ગયો છે. ત્યારે નવા ઉમેદવાર જીત મેળવી સૌપ્રથમ પંચાયત ઠરાવ કરી રોડ બનાવવા માગણી કરે તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

ભીમડાદ ગામના અનેક વિસ્તારોમાં રોડ બનાવવા માટે બ્લોક નાખી રસ્તા બનાવવામાં આવ્યા છે. જ્યારે અનેક વિસ્તારોમાં રોડની જરૂરિયાત છે. ભીમડાદ ગામમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સહિત ૩ સરકારી અને એક ખાનગી શાળા આવેલી છે. શાળાના અભ્યાસ કાર્યથી ગામ લોકો સંતુષ્ટ હોય તેવું જણાઈ રહ્યું છે. ગામમાં કુલ ૬ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. અનેક નવા વિસ્તારો બન્યા છે, જ્યાં આંગણવાડી કેન્દ્ર બનાવવામાં આવ્યા નથી, ત્યારે વસ્તીના ધોરણે હજુ બે ત્રણ આંગણવાડી બને તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે. ભીમડાદ ગામમાં સિંચાઈ માટે ભીમડાદ ડેમ આવેલો છે, આ ડેમ અને ગામોને સિંચાઈ માટે અને પીવાના પાણી માટે ઉપયોગી થાય તે માટે ડેમ ભરેલો હોય, ત્યારે આસપાસના અનેક ગામના ખેડૂતોને ગામ લોકોને કુવાના તળ અને બોર વેલ રિચાર્જ થઈ જાય છે. અવારનવાર સૌની યોજના અંતર્ગત આ ડેમને ભરવામાં આવતો હોય છે. ગામમાં ઘરે ઘરે સ્વચ્છતા જાળવવા માટે કચરા કલેક્શન કરવા ગાડીઓ આવે છે, ત્યારે છેવડાના વિસ્તારોમાં કચરા કલેક્શનની ગાડીઓ ક્યારેક દેખા દે છે એવું પણ જાણવા મળી રહ્યું છે. ભીમડાદ ગામમાં મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઈન અને જોડાણ આપી દેવામાં આવ્યા છે.

### ૧૫થી વધુ જિલ્લામાં યલો-ઓરેન્જ એલર્ટ

# ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ગરમી પડી રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ યથાવત્ છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આજે શનિવારે (૧૪ જૂન) સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ચાલો જાણીએ આગામી ૧૯ જૂન સુધી રાજ્યના કયા જિલ્લામાં કેવો રહેશે વરસાદી માહોલ.

હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે રવિવારે (૧૫ જૂન) ૧૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

જેમાં અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે અતિભારને વરસાદને પગલે ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યમાં ૧૬ જૂને રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે, ૧૫-૧૬ જૂન દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે.

### ૫૦૦ના દરની નોટોના ૫ બંડલો મળી આવ્યા

# ભુજમાં એક કા ડબલના નામે ફ્રોડ કરતી ગેંગ ઝડપાઈ

। (એજન્સી) ભુજ, તા.૧૫ ।

ભુજ શહેરના રહીમનગરમાં એઝાઝ હુસેન શેખ અને તેની ગેંગે 'એક કા ડબલ'ના નામે હૈદરાબાદની પાર્ટીને સોદો કરવા પોતાના રહેણાક ખાતે બોલાવી હતી. હૈદરાબાદના ગિરિધારી પ્રકાશ નાડે અને ઈશ્વર કમલે નામના બે શખ્સોને એઝાઝ અને તેના મળતિયાઓએ ૧ લાખની સામે ૨ લાખ રૂપિયા કરી આપવાની લાલચે રહેણાક ખાતે બોલાવ્યા હતા. ચીટરોએ સેમ્પલ તરીકે અસલી ચલણી નોટો બતાડી હતી.

જો કે સોદા ટાણે જ પોલીસ ત્રાટકી હતી અને રહેણાકમાંથી એઝાઝ શેખ સાથે મહમદ હુસેન ઊર્ફે મમલો ઓસમાણ લંગા, મામદ ચનેસર સુમરા, હનીફ દાઉદ સના, વસીમ હુસેન શેખ અને વચેટીયો કિરણ અલકારી એમ ૬ લોકોને પોલીસે ઝડપી પાડ્યા હતા. રહેણાકની ઝડતી લેતા સોફા પર રહેલા ઓશીકા પાછળથી ૫૦૦ના દરની નોટોના ૫ બંડલો મળી આવ્યા હતા. બંડલની ઉપર નીચે અસલી નોટો રખાયેલી અને વચ્ચે કોરા કાગળો રાખેલા હતા. ૨૦૦ રુપિયાની ૧૦૦ નંગ અસલી ચલણી નોટનું પણ એક બંડલ મળી આવ્યું હતુ. ભુજમાંથી ઝડપાયેલા ચીટર ટોળકી ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે.

ઝડપાયેલા આરોપીઓ પૈકી મહમદ હુસેન ઊર્ફે મમલા સામે માંડવી મરીન, સાણંદ જીઆઈડીસી, બાડમેર અને જખૌ પોલીસ મથકમાં ઠગાઈ, લૂંટ, સહિતના ચાર ગુના નોંધાયેલા છે. મામદ ચનેસર સુમરા સામે વલસાડના ડુંગરી પોલીસ સ્ટેશન તથા ભુજ એ અને બી ડિવિઝન પોલીસ મથકમાં ઠગાઈના ત્રણ ગુના દાખલ થયેલા છે. હનીફ સના વિરુદ્ધ ઠગાઈના ત્રણ ગુના, એઝાઝ શેખ સામે ભુજ એ ડિવિઝન પોલીસ મથકમાં હત્યાનો ગુનો અને કિરણ અલકારી સામે સુરતમાં ઠગાઈનો એક તથા હૈદરાબાદમાં સાયબર ફ્રોડનો બીજો ગુનો દાખલ થયેલો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભયાનક હુમલા વધતા ભારતીયો સાવધાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઈઝરાયલ અને ઈરાન એકબીજા પર ભયાનક હુમલા કરી રહ્યા છે, જેમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે, ત્યારે ભારતીય દૂતાવાસે બંને દેશોમાં રહેતા ભારતીયોની ચિંતા વ્યક્ત કરી એડવાઈઝરી જાહેર કરી છે. ભારતીયો કટોકટી સમયે ભારતીયો દૂતાવાસનો તાત્કાલિક સંપર્ક કરી શકે તે માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરાયો છે. દૂતાવાસે કહ્યું છે કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સ્થિતિ વણસી છે, જેના કારણે ભારતીયોએ સાવચેત રહેવાની જરૂર છે. ભારતીય દૂતાવાસની એડવાઈઝરીમાં કહેવાયું છે કે, ઈઝરાયલ-ઈરાન વચ્ચે સ્થિતિ તંગ બની ગઈ છે, જેના કારણે ત્યાં રહેતા ભારતીયોએ ઘરમાંથી બહાર જવાનું ટાળવું જોઈએ. કોઈપણ ભારતીય ઈમરજન્સી કામ વગર ઘરમાંથી બહાર ન નીકળે. કોઈપણ નવી સૂચના કે આદેશની માહિતી મેળવવા માટે ભારતીય દૂતાવાસના સોશિયલ મીડિયા એકાઉન્ટને ફોલો કરવાનું રાખે. જો કોઈ ઈમરજન્સી ઉભી થાય તો ભારતીય દૂતાવાસના મોબાઈલ નંબર ૯૧૨૮૧૦૯૧૧૫ અને ૯૧૨૮૧૦૯૧૦૯ પર સંપર્ક કરવા પણ એડવાઈઝરીમાં કહેવાયું છે. ભારતીય દૂતાવાસે ઈઝરાયેલમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને અહીં રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા સૂચવવામાં આવેલા સલામતી પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપી છે.

### શનિ શિંગણાપુર મંદિરમાંથી મુસ્લિમ કર્મચારીઓને નોકરી પરથી હટાવામાં આવ્યા



। (એજન્સી) અહમદનગર, તા.૧૫ ।

મહારાષ્ટ્રના અહમદનગર (હવે અહિલ્યાનગર) જિલ્લામાં સ્થિત પ્રસિદ્ધ શનિ શિંગણાપુર મંદિરના ટ્રસ્ટ શ્રી શનિશ્વર દેવસ્થાન એ તાજેતરમાં જ શિસ્તભંગના કારણોસર ૧૬૭ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. કાઢી મૂકવામાં આવેલા કર્મચારીઓમાંથી ૧૧૪ એટલે કે લગભગ ૬૮% મુસ્લિમ છે. જોકે, ટ્રસ્ટે પોતાના સત્તાવાર નિવેદનમાં ધાર્મિક આધાર પર ભેદભાવનો ઈનકાર કર્યો છે અને જણાવ્યું કે આ પગલું કર્મચારીઓનું ખરાબ પ્રદર્શન અને લાંબા સમયથી ગેરહાજર રહેવાના કારણે લેવામાં ઉઠાવવામાં આવ્યું છે. આ છટણી બે તબક્કામાં કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ૮ જૂનના રોજ તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. બીજા તબક્કો ૧૩ જૂનના રોજ પૂર્ણ થયો.

### એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં અમિતાભના નજીકના સ્વજનનું મોત




। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને એર ઈન્ડિયા વિમાન ક્રેશ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યુ છે. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનાથી દેશ સ્તબ્ધ છે. તો જે લોકોએ પોતાના પરિવારજનોને ગુમાવ્યા તેના દુખનો અંદાજ પણ આપણે ન લગાવી શકીએ. સતત આ મામલામાં અપડેટ્સ આવી રહ્યાં છે. આ વચ્ચે હવે અમિતાભ બચ્ચને કહ્યુ કે તે ખૂબ દુખી છે અને તેમણે પ્રાર્થના કરી છે કે આ દુખ આપણે એક કરે, તેથી આપણે તે લોકોને સન્માન આપી શકીએ જેમણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા. સાથે બચ્ચને આ દુર્ઘટનાની તપાસ પારદર્શિતાથી કરાવવાની માંગ ઉઠાવી છે. તાજેતરમાં અમિતાભ બચ્ચને તેમના એક બ્લોગમાં લખ્યું હતું કે, એર ઈન્ડિયા અકસ્માતથી હું ખૂબ જ દુઃખી અને વ્યથિત છું. આપણા લોકો ઉપરાંત, આ અકસ્માતમાં પોતાના નાગરિકો ગુમાવનારા અન્ય દેશો પ્રત્યે મારી સંપૂર્ણ સંવેદના અને સમર્થન છે. હું પ્રાર્થના કરું છું કે આ દુઃખ આપણને એક કરે, જેથી આપણે બધા મળીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી શકીએ.

**ઈરાનનો ઇઝરાયલ પર ડબલ પ્રહાર । આ ઘટનાઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતા વધારી**

# ૧૫૦થી વધુ બેલેસ્ટિક મિસાઈલ્સ છોડી, જેમાંથી ૬ મિસાઈલ્સ તેલ અવીવમાં પડી



। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૫ ।

પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શરૂ થયેલું યુદ્ધ દિવસેને દિવસે વધુ ઉગ્ર બની રહ્યું છે. ઈઝરાયલે સતત બીજા દિવસે ઈરાન પર હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે, જ્યારે ઈરાને પણ જવાબી કાર્યવાહીમાં ઈઝરાયલ પર ડઝનબંધ મિસાઈલ્સ છોડી છે. આ ઘટનાઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતા વધારી દીધી છે. ૧૩ જૂન, ૨૦૨૫ની સવારે ઈઝરાયલે ઈરાન પર 'ઓપરેશન રાઈઝિંગ લાયન' નામથી મોટો હવાઈ હુમલો શરૂ કર્યો હતો. આ ઓપરેશનમાં ૨૦૦થી વધુ ફાઈટર જેટ્સની મદદથી ઈરાનના ૧૦૦થી વધુ પરમાણુ અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયલનો દાવો છે કે, આ હુમલાનો હેતુ ઈરાનની પરમાણુ હથિયારો વિકસાવવાની ક્ષમતાને રોકવાનો હતો, કારણ કે ઈરાન પાસે હવે પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતું યુરેનિયમ એકઠું થઈ રહ્યું છે. આ હુમલાઓમાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના પ્રમુખ હુસૈન સલામી, સેનાના ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ બાઘેરી, સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના નજીકના અલી શામખાની અને IRGC એરફોર્સના કમાન્ડર આમિર અલી હાજીજાદેહ સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ માર્યા ગયા છે. ઈરાનના ઈસ્ફાહાન શહેરમાં પણ મિસાઈલ હુમલા થયા, જેમાં ૭૮ લોકોના મોત થયા અને ૩૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલના હુમલાના જવાબમાં ઈરાને શુક્રવારે મોડી રાત્રે 'ઓપરેશન ટ્રુ પ્રોમિસ ૩' શરૂ કર્યું છે. આ ઓપરેશન હેઠળ ઈરાને ઈઝરાયલ પર ૧૫૦થી વધુ બેલેસ્ટિક મિસાઈલ્સ છોડી, જેમાંથી ૬ મિસાઈલ્સ તેલ અવીવમાં પડી હતી. આ હુમલામાં એક મહિલાનું મોત થયું અને ૬૩ લોકો ઘાયલ થયા છે. ઈરાનના મીડિયાએ દાવો કર્યો કે, ઈઝરાયલના રક્ષા મંત્રાલયને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. ઈરાને પોતાનો એરસ્પેસ બંધ કરી દીધો છે અને દેશમાં ઈમરજન્સી જાહેર કરી છે. ઈરાને યુનાઈટેડ નેશન્સમાં તાત્કાલિક બેઠક બોલાવવાની માગણી કરી છે, ઈઝરાયલના હુમલાને 'આક્રમક સૈન્ય કાર્યવાહી' ગણાવી છે. ઈઝરાયલમાં ઈરાનના મિસાઈલ હુમલાઓને કારણે સાયરન વાગી રહ્યા છે, અને ઉત્તરી ઈઝરાયલના લોકો બોમ્બ શેલ્ટર્સમાં આશરો લઈ રહ્યા છે. ઈઝરાયલના રક્ષા બળે દાવો કર્યો છે કે, તેમની એર ડિફેન્સ સિસ્ટમે ઈરાનના મોટાભાગના ડ્રોન અને મિસાઈલ્સને નષ્ટ કરી દીધા છે. બીજી તરફ, ઈરાનમાં પણ નાગરિકોને સુરક્ષિત સ્થળોએ જવાની સૂચના આપવામાં આવી છે.

**MCCએ નિયમોમાં મોટો ફેરફાર કર્યો**

# હવે બાઉન્ડ્રીની અંદર જ બોલને ટચ કરવો માન્ય ગણવામાં આવશે

### બાઉન્ડ્રીની બહાર ગયા પછી હવામાં કૂદીને બોલને અંદર ફેંકીને જે પણ કેચ પકડવામાં આવે છે તેને અમાન્ય ગણવામાં આવશે

। (એજન્સી) મેલબોર્ન, તા.૧૫ ।

મેલબોર્ન ક્રિકેટ ક્લબ એટલે કે MCCએ તાજેતરમાં નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. આ ફેરફાર બાઉન્ડ્રી પર બોલ પકડવા સાથે સંબંધિત છે. નવા નિયમો અનુસાર, બાઉન્ડ્રીની બહાર ગયા પછી હવામાં કૂદીને બોલને અંદર ફેંકીને જે કેચ પકડવામાં આવે છે તેને અમાન્ય ગણવામાં આવશે. હવે બાઉન્ડ્રીની અંદર જ બોલને ટચ કરવો માન્ય ગણવામાં આવશે. આ કેચને બન્ની હોપ કહેવામાં આવે છે. આ ફેરફાર આ મહિનાથી લાગુ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬માં MCCમાં થશે. નવા નિયમ મુજબ, હવામાં ઉડતો ફિલ્ડર બોલને ફક્ત એક જ વાર સ્પર્શ કરી શકે છે જો તે બાઉન્ડ્રી બહાર હોય તો ફિલ્ડરે કેચ પૂર્ણ કરવા માટે બાઉન્ડ્રીની અંદર



આવવું આવશ્યક છે. પહેલાના નિયમ મુજબ, ફિલ્ડર બાઉન્ડ્રીની બહાર ગયા પછી બોલને ઘણી વખત હવામાં ફેંકી શકતો હતો, જો કે જ્યારે તે બોલને ટચ કરે ત્યારે તે હવામાં હોવો જોઈએ. BBL 2023 દરમિયાન માઈકલ નેસરે આવો જ કેચ લીધા પછી આ નિયમ ચર્ચાનો વિષય બન્યો છે. BBL 2023માં નેસરના કેચ પહેલાં, મેટ રેનશોએ ૨૦૨૦ સીઝનમાં ગાબા ખાતેની મેચમાં મેથ્યુ વેડને આ જ રીતે આઉટ કર્યો હતો. જે બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, એમસીસીએ આઈસીસીને એક નોંધ મોકલી હતી, જેમાં તેણે નેસરના કેચને બન્ની હોપ ગણાવ્યો હતો અને નિયમમાં ફેરફારની પણ માંગ કરી હતી, કારણ કે કેટલાક પ્રયાસો અન્યાયી હતા. એમસીસીએ એમ પણ કહ્યું છે કે, "એમસીસીએ એક નવો શબ્દ બનાવ્યો છે બન્ની હોપ. આ પ્રકારના કેચ હવે માન્ય ગણાશે નહીં. જો કે, એવા કેચ કે જેમાં ફિલ્ડર બોલને બાઉન્ડ્રીની અંદરથી હવામાં ફેંકે છે, પછી બાઉન્ડ્રી બહાર જાય છે અને પછી ડાઈવ કરીને બોલને બાઉન્ડ્રી અંદર કેચ કરે છે તેને મંજૂરી આપવામાં આવી છે."

**પીડિત મેડિકલ સ્ટૂડન્ટસ માટે કરી જાહેરાત**

# IMAની અપીલ બાદ ટાટા ગ્રૂપ મદદ માટે તૈયાર થયું




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. ૧૨ જૂનના રોજ થયેલા આ ભયાનક અકસ્માતમાં ૨૭૫ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ફક્ત વિમાનમાં સવાર મુસાફરો જ નહીં પરંતુ જમીન પર રહેલા ઘણા લોકો પણ સામેલ હતા. અમદાવાદમાં થયેલા આ અકસ્માતે બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલને નુકસાન પહોંચાડ્યું છે. જેના કારણે ૪ એમબીબીએસ ડોક્ટર અને ૧૯ અન્યના મોત થયા છે. જેના સહાયની માંગણી પણ મેડિકલ અસોશિએશન કરી હતી. જેના ટાટા ગ્રૂપે માન્ય રાખી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ની ગુજરાત રાજ્ય શાખાએ શનિવારે ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને પત્ર લખીને બીજે મેડિકલ કોલેજના અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે નાણાકીય અને માનવતાવાદી સહાયની અપીલ કરી. IMA એ તેના પત્રમાં લખ્યું - "અમે તમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આ દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં ઘાયલ થયેલા અથવા જીવ ગુમાવનારા સ્થળ પર હાજર મેડિકલ વિદ્યાર્થીઓને નાણાકીય સહાય અને જરૂરી મદદ પૂરી પાડો." પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એર ઈન્ડિયાએ તેના મુસાફરોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે, આવી સ્થિતિમાં, મેડિકલ વિદ્યાર્થીઓને પણ આવી જ સહાનુભૂતિ અને ટેકો આપવો જોઈએ. IMA એ લખ્યું છે કે, આ વિદ્યાર્થીઓ ફક્ત પીડિત નહોતા, પરંતુ ભવિષ્યના ડૉક્ટર હતા, તેમના પરિવારો પણ મદદને પાત્ર છે. ઈકોનોમિક્સ ટાઈમ્સ અનુસાર, IMA ની અપીલના થોડા કલાકો પછી, એર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને CEO કેમ્પબેલ વિલ્સને એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી કે ટાટા ગ્રુપ અકસ્માતમાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય રકમ આપશે. ઉપરાંત, ટાટા ગ્રુપ ઘાયલ થયેલા લોકોની તમામ સારવારનો ખર્ચ ઉઠાવશે. તેમણે ભાવનાત્મક રીતે કહ્યું, "અમે આ ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનથી ખૂબ જ દુઃખી છીએ અને અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ." IMA અને તબીબી સમુદાયે ટાટા ગ્રુપની સંવેદનશીલતા, ઝડપી પ્રતિભાવ અને જવાબદાર વલણની ખુલ્લેઆમ પ્રશંસા કરી છે.



દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાનું પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લામાં આવેલા સરહિંદ ખાતે આગમન થતાં ભાજપના કાર્યકરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

# સામે આવેલ તસવીરમાં એકદમ ખુશખુશાલ જોવા મળી સોનમ

। ઈન્દોર, તા.૧૫ ।

રાજા રઘુવંશી હત્યાકાંડને પત્ની સોનમ અને તેના પ્રેમી રાજે અંજામ આપ્યો હતો. હાલમાં પોલીસે સોનમ અને તેના પ્રેમી રાજ સહિત ૫ લોકોની ધરપકડ કરી છે. પાંચેય હાલમાં શિલોંગ પોલીસની કસ્ટડીમાં છે. આ દરમિયાન સોનમ અને રાજનો બીજો ફોટો સામે આવ્યો છે. આ પહેલા પણ બંનેનો એક ફોટો સામે આવ્યો છે. સોનમ અને રાજના લેટેસ્ટ ફોટામાં સોનમ રાજ સાથે ખુશ જોવા મળી રહી છે. સોનમ સાડીમાં છે, જ્યારે રાજો કુર્તા પહેરેલો છે. રાજે ટીકો પણ લગાવ્યો છે. આવી સ્થિતિમાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે બંને મંદિરમાં દર્શન કરીને પાછા ફરી રહ્યા છે. રાજાની હત્યા પછી સોનમ ઈન્દોર પહોંચી હતી અને તે ભાડાના મકાનમાં રહેતી હતી. આ ઘર આરોપી વિશાલ ચૌહાણે ભાડે લીધું હતું. જેનું ભાડું તેણે જમા પણ કરાવ્યું હતું અને કરાર પર સહી પણ કરી હતી. આ અંગેની માહિતી એક પ્રોપર્ટી મેનેજમેન્ટ ફર્મના માલિકે પોતે આપી છે. ઈન્દોરના રાજા રઘુવંશીના પરિવારના સભ્યોએ શુક્રવારે પવિત્ર નગરી ઉજ્જૈનમાં દિવંગત આત્મા માટે પિંડદાન કર્યું.

**મીડિયાટેકમાં મળી ઘણી ખામીઓ**

# કરોડો સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી યુઝર્સ માટે સરકારે જાહેર કરી મોટી ચેતવણી

### ભારત સરકાર દ્વારા સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી માટે હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરાયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

વર્તમાન સમયમાં સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી દરેક લોકોના ઘરમાં સામાન્ય બની ગયા છે અને બંને ગેજેટ્સ આપણી ડેઈલી લાઈફમાં મહત્ત્વનો હિસ્સો બની ગયા છે. સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવીનો ઉપયોગ કરતા કરોડો યુઝર્સ માટે આ એક મહત્ત્વના સમાચાર છે. હકીકતમાં ભારત સરકાર દ્વારા સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી માટે હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો તમે થોડી લાપરવાહી દાખવશો તો તમને મોટું નુકસાન થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, ભારત સરકારની સાયબર સુરક્ષા એજન્સી CERT-In દ્વારા એક હાઈ રિસ્ક એલર્ટ જારી કરવામાં આવ્યું છે. એજન્સીએ MediaTek ચિપસેટ વાળા સ્માર્ટફોન, સ્માર્ટ ટીવી અને ઓડિયો ડિવાઈસને લઈને ચેતવણી જારી કરી છે. CERT-In મુજબ MediaTekના ઘણા પ્રોડેક્ટ્સમાં




કેટલાક પ્રકારની મોટી ખામીઓ છે, જેનો ઉપયોગ કરી સાયબર ગુનેગારો લોકોને નુકસાન પહોંચાડી શકે છે. CERT-In (Indian Computer Emergency Response Team)ના કહેવા પ્રમાણે મીડિયાટેકના Bluetooth, Wi-Fi અને IMS સર્વિસમાં કેટલાક પ્રોબલેમ છે, જેમ કે, નલ પોઈન્ટર ડિરેફરન્સ, હીટ ઓવરફ્લો જેવી અનેક ખામીઓ જોવા મળી છે. એજન્સીના કહેવા પ્રમાણે આ ખામીઓનો ફાયદો ઉઠાવીને સાયબર ગુનેગારો સરળતાથી ડિવાઈસ સુધી પહોંચી શકે છે અને ડિવાઈસને કન્ટ્રોલ કરી શકે છે. હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરવાની એટલા માટે જરુર પડી કારણ કે, આ ખતરો માત્ર સ્માર્ટફોન પુરતો મર્યાદિત નથી પરંતુ આ વખતે આ ખતરો મીડિયાટેકવાળા સ્માર્ટ ટીવી અને ઓડિયો ડિવાઈસ પર પણ રહેલો છે. ઉલ્લેખનીય છે કે, આ બગ્સની પુષ્ટિ મીડિયાટેક દ્વારા પણ કરવામાં આવી છે. કંપનીએ તેના માટે સંબંધિત સિક્યુરિટી મેસેજ મોકલવાનું શરુ કરી દીધુ છે. સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી સહિત અન્ય પ્રોડેક્ટનો ઉપયોગ કરનારા યુઝર્સને સલાહ આપવામા આવે છે કે, જેવું નવું અપડેટ આવે કે તરત તેને ઈન્સ્ટ્રોલ કરી દો. તેના માટે સૌથી પહેલા તમારા સ્માર્ટફોનના સેટિંગમાં જાઓ અને સોફ્ટવેર અપડેટ ચેક કરો. એજન્સીએ યુઝર્સને થર્ડ પાર્ટી એપ અથવા અન્ય કોઈ બીજી વેબસાઈટથી એપ ડાઉનલોડ ન કરવાની સલાહ આપવામાં આવી છે.

# ઈઝરાયેલે પોતાના મિત્ર એવા ભારતની માફી માંગવી પડી

### ઈઝરાયેલી સેનાના અધિકૃત હેન્ડલથી કરાયેલી આ પોસ્ટમાં ભારતના જમ્મુ અને કાશ્મીરને પાકિસ્તાનનો હિસ્સો ગણાવવામાં આવ્યો હતો

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૫ ।

ઈરાન સાથે ચાલી રહેલા ભીષણ તણાવ વચ્ચે ઈઝરાયેલી રક્ષા દળો (IDF) દ્વારા શુક્રવારે એક ગંભીર ભૂલ થઈ ગઈ. વાત જાણે એમ છે કે તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઈરાનના જોખમને જોતા એક મેપ શેર કર્યો. ઈઝરાયેલી સેનાના અધિકૃત હેન્ડલથી કરાયેલી આ પોસ્ટમાં ભારતના જમ્મુ કાશ્મીરને પાકિસ્તાનનો હિસ્સો ગણાવવામાં આવ્યો જ્યારે અરુણાચલ પ્રદેશને ચીનનો હિસ્સો દેખાડવામાં આવ્યો. આ પોસ્ટ સામે આવતા જ સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો. ઈઝરાયેલની આ ભૂલે ભારતીય યૂઝર્સને નારાજ કરી દીધા. ભારતનો ખોટો મેપ દર્શાવવા બદલ ભારતીય યૂઝર્સે IDFને આડેહાથ લીધી. કેટલીક ભારતીયોએ ઈઝરાયેલના પીએમ બેન્જામીન નેતન્યાહૂને ટેગ કરતા માંગણી કરી કે આ પોસ્ટ હટાવવામાં આવે અને યોગ્ય મેપ સાથે ફરીથી પોસ્ટ કરવામાં આવે. એક યૂઝરે પોસ્ટ પર રિપ્લાય કરતાકહ્યું કે સટીકતાને ભૂલી જાઓ. આ સચ્ચાઈથી ઘણું દૂર છે. આ ખેદજનક નોટ પોસ્ટ કરવાની જગ્યાએ બદલવામાં કેમ નથી આવતી? તમારે ભારતની ભાવનાઓ અને આપણા સંબંધોને સમજવાની જરૂર છે. પ્લીઝ તેને જલદી બદલો. એક્સ પર વધતી ટીકાઓ વચ્ચે ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રૂવેન અઝાર સામે આવ્યા અને એક પોસ્ટ શેર કરીને જણાવ્યું કે આ એક અજાણતા થયેલી ભૂલ છે અને તેને ઠીક કરવાનું કહેવામાં આવ્યું છે. ભારે વિરોધ બાદ આખરે આઈડીએફએ જાહેરમાં માફી માંગી. પોસ્ટ પર રિપ્લાય કરતા આઈડીએફએ લખ્યું કે આ પોસ્ટ ક્ષેત્રનું એક ચિત્રણ છે. આ મેચ સરહદોને સટીક રીતે દર્શાવવામાં નિષ્ફળ રહી છે. અમે કોઈ પણ અપમાન બદલ માફી માંગીએ છીએ. આ અગાઉ શુક્રવારથી ઈઝરાયેલે શરૂ કરેલા રાઈઝિંગ લાયન ઓપરેશન હેઠળ ઈરાનમાં કરાયેલા ઘાતક હવાઈ હુમલાઓથી મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો. ઈઝરાયેલી અધિકારીઓએ તેને ઈરાન વિરુદ્ધ દેશનું સૌથી મોટું સૈન્ય અભિયાન ગણાવ્યું. ઈઝરાયેલી ફાઈટર વિમાનો અને ડ્રોનોએ યોજનાબદ્ધ રીતે હુમલો કર્યો જેમાંથી કેટલાક તો તસ્કરી કરીને ઈરાન પહોંચાડેલા હતા.

## તંત્રી લેખ...

# આઠ વર્ષે બેઝોસને પછાડી એલિસન વિશ્વના બીજા સૌથી ધનિક

એમેઝોનના સ્થાપક અને ભૂતપૂર્વ સીઈઓ જેફ બેઝોસને આઠ વર્ષ બાદ પાછળ રાખીને ઓરેકલના લેરી એલિસનને વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ મેળવ્યું છે. ગુરુવાર, ૧૨ જૂને એલિસનની કુલ નેટવર્થમાં ૨૬ અબજ ડોલરનો ઉછાળો આવ્યો હતો અને તેમની કુલ સંપત્તિ ૨૪૩ અબજ ડોલર થઈ હતી. ૧૨ જૂને તેમની સંપત્તિમાં થયેલો વધારો કોઈપણ અબજોપતિની સંપત્તિમાં એક દિવસમાં થયેલો સૌથી મોટો વધારો હતો, એમ ફોર્બ્સની વિશ્વના અબજોપતિઓની યાદીમાં જણાવાયું હતું. એમેઝોનના જેફ બેઝોસની કુલ સંપત્તિ ૨૨૭ અબજ ડોલર છે, જ્યારે મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગની સંપત્તિ ૨૩૯ અબજ ડોલર છે. વિશ્વના અબજોપતિની આ યાદીમાં ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કે ૪૦૭ અબજ ડોલરની કુલ સંપત્તિ સાથે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. આ સપ્તાહની શરૂઆતમાં ઓરેકલના બ્લોકબસ્ટર નાણાકીય રિઝલ્ટના પગલે એલિસનની સંપત્તિમાં ઉછાળો આવ્યો હતો. કંપનીના રિઝલ્ટ પછી તેના શેરનો ભાવ પહેલી વાર ૨૦૦ ડોલરની સપાટી વટાવી ગયો હતો. ઓરેકલે મેમાં પૂરા થતાં ક્વાર્ટરમાં ધારણા કરતાં વધુ આવક અને નફો નોંધાવ્યો હતો. જેફ બેઝોસ ૨૦૧૭માં પહેલી વાર વિશ્વના બીજા ક્રમના સૌથી ધનિક વ્યક્તિ બન્યાં હતાં.

## ICG, નૌકાદળ IAF એ કોચી પાસે આગથી પ્રભાવિત સિંગાપોર ના જહાજને સ્થિર કરવા માટે ઉચ્ચ-જોખમી કામગીરી હાથ ધરી



સિંગાપોરના જહાજ MV WAN HAI 503ના અગ્નિશામક અને બચાવ કામગીરીમાં એક મોટા વિકાસમાં, ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) એ ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેનાના સહયોગથી ૧૩ જૂન, ૨૦૨૫ના રોજ મુશ્કેલીમાં મુકાયેલા કન્ટેનર જહાજના ખેંચાણને દરિયાઈ ટગ ઓફશોર વોરિયરમાં સફળતાપૂર્વક સ્થાનાંતરિત કર્યું. ICG એ ઘણા દિવસો સુધી જહાજને કેરળના દરિયાકાંઠે ખેંચી રાખ્યું હતું પરંતુ હવામાન અચાનક બગડતા અને પશ્ચિમી પવનોને કારણે, તે ખતરનાક રીતે કિનારા તરફ વહી ગયું. પ્રતિકૂળ હવામાન હોવાને કારણે હવાઈ કામગીરી પર પ્રતિબંધ અને બચાવ ટીમોના બોર્ડિંગમાં વિલંબ હોવા છતાં, ૧૩ જૂનના રોજ કોચીથી લોન્ચ કરાયેલ નેવી સી કિંગ હેલિકોપ્ટર અત્યંત પડકારજનક પરિસ્થિતિઓમાં બચાવ ટીમના સભ્યોને જહાજ પર સફળતાપૂર્વક બેસાડવામાં સફળ રહ્યું. ત્યારબાદ ટીમ કોચીના દરિયાકાંઠે લગભગ ૨૦ નોટિકલ માઈલ દૂર ઓફશોર વોરિયર સાથે ૬૦૦ મીટરનું દોરડું જોડવામાં સફળ રહી. જહાજને હવે ૧.૮ નોટની ઝડપે પશ્ચિમ તરફ ખેંચવામાં આવી રહ્યું છે અને તે લગભગ ૩૫ નોટિકલ માઈલ દૂર છે. ત્રણ ICG ઓફશોર પેટ્રોલ જહાજો કન્ટેનર જહાજને એસ્કોર્ટ કરી રહ્યા છે અને અગ્નિશામક કામગીરી હાથ ધરી રહ્યા છે. હાલમાં, જહાજ પર ફક્ત ગાઢ ધુમાડો અને થોડા અલગ અલગ હોટસ્પોટ્સ બાકી છે, જે ICGના અસરકારક અગ્નિશામક પ્રયાસોનો પુરાવો આપે છે, જેણે મોટી પર્યાવરણીય આપત્તિ ટાળવામાં મદદ કરી છે. ICG શિપિંગ મહાનિર્દેશાલય સાથે નજીકથી સંકલન કરી રહ્યું છે જેથી ખાતરી કરી શકાય કે જહાજ ભારતીય દરિયાકાંઠાથી ઓછામાં ઓછા ૫૦ નોટિકલ માઈલ દૂર રહે જ્યાં સુધી માલિકો દ્વારા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તેનું ભાવિ નક્કી ન થાય. વધારાના અગ્નિશામક ટગના અપેક્ષિત આગમન સાથે પરિસ્થિતિ વધુ સ્થિર થવાની અપેક્ષા છે.

## ભારતીય નૌકાદળે સ્ફ WAN HAI ૫૦૩ પર બચાવ ટીમને સાહસિક રીતે ઉતારી



તીવ્ર આગની ઝપેટમાં આવેલા MV WAN HAI ૫૦૩ના બચાવ કાર્યમાં, ભારતીય નૌકાદળે ૧૩ જૂન ૨૦૨૫ના રોજ બચાવ ટીમને સાહસિક રીતે એરડ્રોપ કરીને પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા હતા. ઝડપી પ્રતિભાવમાં, બચાવ ટીમના સભ્યોને કોચીના INS ગરુડ ખાતે સીકિંગ હેલિકોપ્ટરમાં મોકલવામાં આવ્યા હતા. નૌકાદળના હેલિકોપ્ટરે પડકારજનક હવામાન/દરિયાઈ પરિસ્થિતિઓ અને બોર્ડ પર આગ વચ્ચે ટીમને સફળતાપૂર્વક એરડ્રોપ કરી હતી. બચાવ ટીમને એરડ્રોપ કરવામાં આવી હતી, જેણે ટો ને રેસ્ક્યુ ટગ ઓફશોર વોરિયર સાથે જોડ્યો હતો. ટો ને કનેક્ટ કર્યા પછી બચાવ ટીમને નૌકાદળના હેલિકોપ્ટર દ્વારા સફળતાપૂર્વક જહાજમાંથી બહાર કાઢવામાં આવી હતી. જહાજનું ટોઈંગ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં, ભારતીય નૌકાદળના INS શારદા અને OSV સ્ફ ટ્રાઈટન લિબર્ટી ભારતીય કોસ્ટ ગાર્ડ અને અન્ય દરિયાઈ એજન્સીઓ સાથે સંકલનમાં બચાવ કામગીરીમાં સક્રિયપણે રોકાયેલા છે. ભારતીય નૌકાદળ દ્વારા બચાવ ટીમોને ઝડપથી ઉતારવા અને સ્થળાંતરથી બચાવ કામગીરીમાં નોંધપાત્ર રીતે બળ મળ્યું છે.

**કોઈપણ સિધ્ધ કે પ્રસિદ્ધ વ્યક્તિને પણ જાગૃતિની જરૂર પડતી હોય છે, જાગૃતિ વગર જીવનના તટસ્થતા કે નીતિ પૂર્વક જીવી શકવું શક્ય નથી**

# રાણી સુમિત્રા કાયમ મૌન રહ્યાં ! પણ કદાચ મૌન જ એની અલભ્ય શક્તિનું કારણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રાણી સુમિત્રા એ રામાયણનું મુખ્ય પાત્ર હોવા છતાં મુક પાત્ર છે, અને એને કારણે ઘણાને ગેરસમજ પણ થઈ છે, કે તે કોઈ વિશિષ્ટ ગુણ ધરાવતા નથી, મારી માટે પણ આજે મુક પાત્ર ને બોલાવવું એટલે કે જેનો બહુ ઉલ્લેખ ન હોય તેના વિશે લખવું એ થોડું ટફ છે, પણ આ મૌન જ કદાચ એની અલભ્ય શક્તિનું કારણ છે, જોઈએ હવે શું લખાય છે તે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! હમણાં જ નર્મદા બા નું નિધન થયું અને એક મુક સન્નારીની વિદાયે મન થોડું વિચલિત થયું. પણ એમની સમજ અને જાગૃતિ બંને ને નમન! સામાન્ય માનવીના જીવનથી લઈને ઊંચામાં ઊંચા હોદ્દા પર બિરાજમાન, કોઈપણ સિધ્ધ કે પ્રસિદ્ધ વ્યક્તિને પણ જાગૃતિની જરૂર પડતી હોય છે. જાગૃતિ વગર જીવનના તટસ્થતા કે નીતિ પૂર્વક જીવી શકવું શક્ય નથી. જાગૃતિ એ એક ઝબકતી જ્યોત છે, જે આપણા જીવન પથને અજવાળે છે, અને આપણને સતત સાચા-ખોટાનો ભેદ સમજાવે છે. પરંતુ ઘણી વાર એવું થતું હોય છે કે, જાગૃતિ પણ પૂરતી હોય અને સાચા ખોટાનો ભેદ પણ જાણતાં હોઈએ, છતાં ખોટું આચરણ થાય, અને એના ઘણા કારણો છે. એમાંનું એક કારણ મમતા પણ છે, મમતા અને મોહ આ બે વિકાર પણ છે, અને ગુણ પણ છે. જેનું દરેક સમયે મૂલ્ય અલગ હોય છે, એટલે આપણી જીદ અથવા આપણો આગ્રહ, ક્યારેક આપણને ભારે પડી જાય છે, અને એને કારણે ખોટું આચરણ થઈ જતું હોય છે. આજે આપણે જાગૃતિનો અવતાર એવા લક્ષ્મણ શત્રુઘ્નની માતા રાણી સુમિત્રા વિશે ચિંતનમાં વાત કરીશું. રાણી સુમિત્રા એ રામાયણનું મુખ્ય પાત્ર હોવા છતાં મુક પાત્ર છે, અને એને કારણે ઘણાને ગેરસમજ પણ થઈ છે, કે તે કોઈ વિશિષ્ટ ગુણ ધરાવતા નથી, મારી માટે પણ આજે મુક પાત્ર ને બોલાવવું એટલે કે જેનો બહુ ઉલ્લેખ ન હોય તેના વિશે લખવું એ થોડું ટફ છે,પણ આ મૌન જ કદાચ એની અલભ્ય શક્તિનું કારણ છે, જોઈએ હવે શું લખાય છે તે. રાણી સુમિત્રાએ રાજા દશરથના ત્રીજા રાણી હતાં, અને ભલે રાજા દશરથ એ પુત્ર કામના માટે તેમની સાથે લગ્ન કર્યા હતાં. પરંતુ તે સુંદર અને સહનશીલ તેમજ સંસ્કારી મહિલા હતાં. પતિનું માન સન્માન કરવું, અને તેની આજ્ઞા માનવી એ તેના આદર્શ ગુણોમાંનો એક ગુણ હતો, અને કદાચ આવા પૂર્ણ સમર્પણ ને કારણે જ ભારતીય નારીને સમર્પણની દેવી કહેવામાં આવે છે. આ ઉપરાંત પણ તે ઘણા ગુણ ધરાવતા હતાં, અને એ પૂર્ણ સત્યાગ્રહી પણ હતાં. રાણી સુમિત્રા એ કૌશલ્યા અને કૈકેયી ને પોતાની બેન માનતાં હતાં, અને આથી જ રાજા દશરથ પ્રત્યે તેમને કોઈ ફરિયાદનો ભાવ નહોતો. રાજા દશરથ પોતાની પ્રિય અને માનીતી રાણી કૈકેયી સાથે જ સમય વ્યતિત કરતા હતાં, અને રાણી સુમિત્રા કૌશલ્યાને પોતાની મોટીબેન સમજી તેની સેવામાં સમય પસાર કરતાં હતાં, તથા કૌશલ્યા અને કૈકેયી પણ તેને પોતાની બેન માનતા હતા. જ્યારે ઉંમરની મોટી અવસ્થા સુધી રાજા દશરથ ને પુત્ર પ્રાપ્તિ થઈ નહિ, ત્યારે તેઓ પોતાના મનની વાત ગુરૂ વશિષ્ઠને જણાવે છે, અને શૃંગી ઋષિ ના માર્ગદર્શન અનુસાર પુત્રકામેષ્ઠિ યજ્ઞ કરે છે. યજ્ઞ દેવતા પ્રસન્ન થાય છે, અને પ્રસાદનો ચરૂ રાજા દશરથને આપે છે. ખીર જેવો આ પ્રસાદ રાજા દશરથ રાણી કૌશલ્યા, અને કૈકેયીમાં વિભાજીત કરે છે, અને તે બંન્નેના હાથે એમાંથી થોડો થોડો ભાગ સુમિત્રા ને અપાવે છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ, અને તેથી કૌશલ્યા તથા કૈકેયીને એક એક પુત્ર જ્યારે સુમિત્રાને બે પુત્ર પ્રાપ્ત થાય છે. ત્રણે રાણીઓ સમયાંતરે પુત્રને જન્મ આપે છે અને તેનું નામકરણ કરવામાં આવે છે કૌશલ્યાના પુત્રનુ નામ શ્રી રામ રાખવામાં આવે છે, જ્યારે કૈકેયીના પુત્રનું નામ ભરત એટલે કે સૌનું ભરણ પોષણ કરનાર રાખવામાં આવે છે, અને સુમિત્રાના પુત્રોના નામ લક્ષ્મણ અને શત્રુઘ્ન રાખવામાં આવે છે. આમ તો આ ચારે પુત્રોની દેખરેખ માતા સુમિત્રા જ કરતાં હતાં, અને બાળકો પણ સૌથી વધુ સમયે તેમની પાસે જ રહેતાં હતાં. કહેવાય છે કે ઘણી વખત બાળ રામ સુવે નહીં, તો કૌશલ્યા મા તેને સુમિત્રા પાસે લઈ જતાં અને કહેતા લે તારા પુત્રને સુવાડ! ઘણા વ્યક્તિનું વ્યક્તિત્વ જ એવું હોય છે કે તે આદર્શ અને સંસ્કારી હોવા છતાં મુક રહેતા હોય છે, અને એને કારણે તેની કદર થતી નથી. પરંતુ તે તેના સંતાનોને નામે તે ઓળખાવાનું પસંદ કરે છે. રાણી સુમિત્રા પણ આવુ જ વ્યક્તિત્વ ધરાવતાં હતાં, તે લક્ષ્મણ અને શત્રુઘ્નના માતા તરીકે ઓળખાવાનું વધારે પસંદ કરતાં હતાં. તેમણે લક્ષ્મણ અને શત્રુઘ્નને શ્રીરામની સેવા માટે જ તમારો જન્મ છે, એવું નાનપણથી શીખવ્યું હતું. જ્યારે રાજા દશરથ ભગવાન શ્રી રામને વનવાસમાં જવાનો આદેશ આપ્યો, ત્યારે લક્ષ્મણ માટે આ વાત ન હોવા છતાં, તે ભગવાન શ્રીરામ સાથે જવાનો નિર્ણય કરે છે, અને આ માટે સુમિત્રા જ તેને કહે છે કે, હે પુત્ર જ્યાં રામ છે ત્યાં જ તારું આયોધ્યા છે, માટે તું તેની સાથે વનવાસમાં જા. ભગવાન શ્રી રામ જાણતાં હતાં કે પોતે આશીર્વાદ લેવા જશે, તો માતા ન્યાય માટે રાજા દશરથને પણ લલકારી શકે તેમ છે, માટે જ એકલાં લક્ષ્મણને મોકલે છે,અને જ્યારે રાવણ સાથે યુદ્ધ થાય છે, યુદ્ધનાં મેદાનમાં મેઘનાથનાં હાથે લક્ષ્મણજી મૂર્છિત થાય છે. ત્યારે સુમિત્રા ખૂબ જ ખુશ થાય છે, અને કહે છે કે, હે લક્ષ્મણ બસ તું આ જ રીતે પ્રભુ શ્રી રામની સેવા કરવા હંમેશા તત્પર રહેજે, તે મને પુત્રવતી હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. પણ આટલું જ નહીં આ સમાચાર મળતાં એમણે શત્રુધ્ન ને પણ લંકા પહોંચી પ્રભુ શ્રી રામની મદદ કરવા આદેશ આપ્યો હતો. તો આ છે રાણી સુમિત્રા, કે પછી માતા સુમિત્રા, કે એક બહુ ઉમદા અને ઉદાર વિચારો ધરાવતા મહીલા હતાં. ખુદની જાગૃતિ વગર જાગૃત પુરુષને જન્મ આપી શકાય નહીં, એ વાત રાણી સુમિત્રાનાં પાત્રમાંથી શીખવાની છે. એટલે કે તત્વતઃ કોઈ પણ પ્રકારની કલા કે વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો જાગૃતિ આવશ્યક છે, અને તો જ તે કલા કે વિદ્યા ત્યાં આગળ કાયમ ટકી શકે છે, શુદ્ધતા વગર સિદ્ધિ મળે તો પણ તેનું મૂલ્ય એટલું હોતું નથી, અથવા લાંબો સમય ટકતી નથી. કલાવાન કે વિદ્યાવાન માટે જ જાગૃતિની જરૂર છે એવું પણ નથી, આજના આ ભયંકર કળિયુગમાં તો સામાન્ય માનવીને પણ જીવનના જીવવા માટે સતત જાગૃત રહેવું પડે છે, પણ રહી શકાતું નથી, એ હકીકત છે. એક સામાજિક ઉદાહરણ જોઈએ તો, આ વાત વધુ સમજાશે. જેમકે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં દારૂબંધી છે, પણ એક સર્વે અનુસાર સૌથી વધુ દારુ ગુજરાતમાં જ પીવાય છે, અને એવું પણ નથી કે ગુજરાતીઓ એના નુકશાનથી અજાણ છે! આ વ્યસનની ઘણાંયે ઘણી મોટી કિંમત પોતાના સ્વજનને ગુમાવીને ચૂકવી છે. એટલે કે સાચા-ખોટાનો ભેદ સૌ જાણે છે, પણ હરક્ષણની જાગૃતિ રહેતી નથી, અને તેને કારણે અનાચરણ થાય છે. આપણા બુદ્ધ પુરુષો જાણતા હતા કે આ વ્યસન, વ્યક્તિનું પતન કરનાર છે, માટે તેની બંધી કરવામાં આવી છે,પણ જે હવે કહેવા માત્રનું રહી ગયું છે. જાગૃતિનો અભાવ નીતિ વગરનું જીવન જીવાડે છે, અને જ્યાં જાગૃતિ ન હોય ત્યાં ભ્રષ્ટાચાર સંભવ છે, એટલે આ રીતે આદર્શ કહી શકાય એવા સંસ્કારો ધરાવતી હોવા છતાં જાગૃતિના અભાવે ગુજરાતી પ્રજા આજે આંધળા અનુકરણમાં સૌથી આગળ છે,અને એક દિવસ એ તેના પતનનું કારણ પણ બની શકે છે. આપણે સૌ આપણી આવનારી પેઢીને જાગૃતિનું મહત્વ સમજાવી શકીએ, અને આવાં દુષણોથી બચાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**કળિયુગમાં જ્ઞાન વૈરાગ્યની ઉપેક્ષા થાય છે, એટલે તે વૃદ્ધ થયાં છે, નારદજી કહે છે કે, જ્ઞાન-વૈરાગ્ય સાથે હું ભક્તિને બઢાવીશ**

# સ્વીકારવાની હિંમત અને સુધારવાની નિયત હોય તો, માણસ જીવનમાં ઘણું બધુ મેળવી શકે છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આપણું હૃદય એ વૃંદાવન છે, હૃદય વૃંદાવન કોઈ કોઈ વખત ઉપનિષદના અને વેદના પઠનથી વૈરાગ્ય જાગે છે, પણ તે મૂર્છામાં પડે છે, તે વૈરાગ્ય ટકતું નથી, સ્મશાનમાં ચિતા બળતી જોઈ કેટલાકને વૈરાગ્ય આવે છે, સંસારના વિષયો ભોગવ્યા પછી વૈરાગ્ય આવે છે પણ તે ટકતું નથી વિષયો ભોગવે એટલે તેના પ્રત્યે અરુચિ તો આવે છે પરંતુ તે વૈરાગ્ય અને વિવેક વગરની હોવાથી કાયમ ટકતી નથી.**

કળિયુગમાંય ચમત્કાર થાય છે તે વિમાન દુર્ઘટનામાં બસો બેતાલીસ વિશ્વાસ એક જ બચી ગયો સાથે એક હજાર સેલ્સિયસ ગરમી આગમાં ભાગવતની પુસ્તિકા અકબંધ અંદરથી રહી બસ આજ સાચો ચમત્કાર તો છે મિત્રો આજે સોમવારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કળિયુગમાં જ્ઞાન વૈરાગ્યની ઉપેક્ષા થાય છે. અટલે તે વૃદ્ધ થયાં છે. નારદજી કહે છે કે, જ્ઞાન-વૈરાગ્ય સાથે હું ભક્તિને બઢાવીશ. હું ભક્તિનો પ્રચાર કરીશ. અનેક પ્રયત્નો કર્યા પણ કંઈ વળ્ય નહીં. વેદવેદાંગના પારાયણ કર્યાં તો પણ જ્ઞાન વૈરાગ્યની મૂર્છા ઊતરી નહીં. વેદની ભાષા ગૂ છે, વેદનો અર્થ જલદી સમજાતો નથી. એટલે વેદોનાં પારાયણ કરવાથી મૂર્છા ઊતરી નહીં. આપણું હૃદય એ વૃંદાવન છે. હૃદય વૃંદાવન કોઈ કોઈ વખત ઉપનિષદના અને વેદના પઠનથી વૈરાગ્ય જાગે છે. પણ તે મૂર્છામાં પડે છે. તે વૈરાગ્ય ટકતું નથી. સ્મશાનમાં ચિતા બળતી જોઈ કેટલાકને વૈરાગ્ય આવે છે, સંસારના વિષયો ભોગવ્યા પછી વૈરાગ્ય આવે છે પણ તે ટકતું નથી વિષયો ભોગવે એટલે તેના પ્રત્યે અરુચિ તો આવે છે પરંતુ તે વૈરાગ્ય અને વિવેક વગરની હોવાથી કાયમ ટકતી નથી. કળિયુગમાં તો શ્રીકૃષ્ણની કથા, અને શ્રીકૃષ્ણના કીર્તનથી જ જ્ઞાનવૈરાગ્ય જાગૃત થાય છે. જ્ઞાનવૈરાગ્યની મૂર્છા ઊતરતી નથી.એટલે નારદજી ચિંતામાં પડી જાય છે ત્યારે આકાશવાણી થાય છે કે, જ્ઞાનવૈરાગ્ય સાથે ભક્તિને પૃષ્ટ કરે તેવું સત્કર્મ કરો! નારદજી અનેક સાધુસંતોને પૂછે કે, જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિને પુષ્ટિ મળે તેવો ઉપાય બતાવો. પણ કોઈ નિશ્ચિત ઉપાય બતાવી શક્યા નહીં. ત્યારે નારદજી ફરતા ફરતા બદરિકાશ્રમમાં આવ્યા.ત્યાં તેમણે સનકાદિ મુનિઓને જોયા. ઉપર જણાવ્યા મુજબ સનકાદિ ઋષિઓ અને નારદજીનું મિલન થયું.નારદજીએ સનત કુમારોને બધી બિના કહી સંભળાવી. નારદ જી કહે જે દેશમાં હું જન્મ્યો તે દેશને ઉપયોગી ન થાઉં તો મારું જીવન વૃથા છે. આપ બતાવો, હું શું સત્કર્મ કરું? સનકાદિ મુનિઓ કહે છે દેશના દુઃખે તમે દુઃખી છો. તમારી એ ભાવના દિવ્ય છે,મંગલમય ભક્તિ નો પ્રચાર કરવાની તમારી ઈચ્છા છે,તો હવે તમે ભાગવત જ્ઞાન-યજ્ઞનું પારાયણ કરો. તેનો પ્રચાર કરો, તેથી લોકોનું કલ્યાણ થશે. આ કથાના શ્રવણ થી જ્ઞાન અને વૈરાગ્યની જાગૃતિ થશે. ભાગવતની કથા જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યને વધારનારી છે માટે તમે સર્વ વેદોના સાર સમ આ ભાગવત જ્ઞાનયજ્ઞ કરો. ભાગવત કથામૃતનું પાન કરવા ત્યાંથી તેઓ બધા ગંગાકિનારે આવ્યા,કારણકે ગંગા જ્ઞાનભૂમિ છે.ભૂમિની અસર સૂક્ષ્મ રીતે મન ઉપર થાય છે.ભોગભૂમિએ ભક્તિમાં બાધક છે.નારદજી સનત સાથે વ્યાસાશ્રમમાં આવ્યા છે. નારદજી હાથ જોડીને બેઠા છે. ત્યાં ઋષિમુનિઓ પણ ભાગવત કથાનું પાન કરવાઆવ્યા છે. જે નહોતા આવ્યાને એક-એક ના ઘરે ભૃગુઋષિ જાય છે અને વિનયથી વંદન કરી માનવીને કથા માં લઈ આવે છે. સત્ કર્મમાં બીજાને પ્રેરણા આપ પ્રવૃત્ત કરે તેને પણ પુણ્ય મળે છે નારદજી આજે શ્રોતા થઈને બેઠા છે.કથા ના આરંભમાં જયજયકાર થાય છે અને મહામંત્ર ‘પરિયે નમઃ ‘નો શબ્દોચ્ચાર થાય છે. બધી પ્રવૃતિ છોડીને મનુષ્ય ધ્યાનમાં બેસે છે, ત્યારે માયા વિઘ્ન નાખે છે. અનાદિકાળથી મનુષ્યનું માયા સાથે યુદ્ધ થતું આવ્યું છે, જીવ ઈશ્વર પાસે જાય તે માયાને ગમતું નથી. માયાનું એક સ્વરૂપ નથી. ઈશ્વર જેમ વ્યાપક છે, તેમ માયા પણ વ્યાપક છે. જીવ અને ઈશ્વર મિલનમાં માયા વિઘ્ન કરે છે. માયા મનને ચંચળ બનાવે છે. માયા મનુષ્યને સમજાવે છે કે,સ્ત્રી વગેરેમાં જ સુખછે.મનુષ્યને માયા હરાવે છે.મનુષ્યની હાર થાય છે, માયાની જીત થાય છે. કારણ મનુષ્ય ભગવાનનો પાલવ પકડતો નથી. કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય.પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય થશે,જીત થશે. આ ભાગવતી કથા અતિ દિવ્ય છે. આ કથા જે પ્રેમથી શ્રવણ કરશે તેના કાન દ્વારા પરમાત્મા હૃદયમાં આવશે.નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારં વાર શ્રીકૃષ્ણ કથા સાંભળવાથી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા સાધન છે. માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો. દરેક સત્કર્મના આરંભમાં શાંતિપાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! કાનો વડે અમે ભદ્ર વચનો સાંભળીએ! કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય. ગોર મહા રાજ આંખે, કાને પાણીઅડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે. અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથાનો આરંભ થયો છે, શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો,કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે.આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે.અઢાર એટલે ૧+૮=૯ અઢારની સંખ્યા પરિપૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદમહોત્સવ કરવામાં આવે છે.રામજીની બાર કળા અને શ્રી કૃષ્ણની સોળ કળા એવો એ બેઉમાં ભેદ કરશો નહીં. ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની.તેના શ્લોક પણ અઢાર છે.ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિત પ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણનું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ. ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે?ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. ભાગવત ભગવાનનું નામ સ્વરૂપ છે.નામ સ્વરૂપ થી મન શદ્ધ થયા પછી સ્વરૂપ સેવાનો અધિકારમળે છે.મનના મેલને દૂર કરવાનું સાધન આ ભાગવતશાસ્ત્ર છે.કથા સાંભળ્યા પછી પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. મનુષ્ય પત્ની,ધન અને ભોજનમાં પ્રેમ કરે છે.પણ પ્રભુમાં પ્રેમ કરતો નથી તેથી દુઃખી છે. રંગદાસ કરીને શેઠ હતા. તે એક વેશ્યામાં અતિ આસક્ત હતા. એક દિવસરંગદાસ અને તે વેશ્યા રંગનાથના મંદિર પાસેથી જઈ રહ્યા હતા. શ્રીમંત રંગદાસે વેશ્યાને માથે છત્રી ધરી હતી. રામાનુજાચાર્યે મંદિરમાંથી બહાર નીકળતા આ દૃશ્ય જોયું, રંગદાસ પર તેમને દયા આવી. તેમણે કહ્યુંઃ’રંગદાસ,તમે આ વેશ્યા ઉપર પ્રેમ કરો છોતે જોઈને મને આનંદ થાય છે. પણ આ સ્ત્રી કરતાં મારા રંગનાથ ઘણા સુંદર છે તમે એક વખત જુઓ તો ખબર પડે!’ એમ કહી તેમણે રંગદાસને એક થપ્પડ મારી સંતની થપ્પડ કેટલાં પુણ્ય કર્યા હોય ત્યારે મળે. રંગદાસને સમાધિ લાગી ગઈ. તેને રંગનાથનાં દર્શન થયાં. બસ, પછી રંગદાસએ સ્ત્રીમાં પ્રેમ કરવો ભૂલી ગયા. મનુષ્ય બાલ્યાવસ્થામાં મા સાથે પ્રેમ કરે છે. જરા મોટો થતાં મિત્રો ઉપર પ્રેમ કરે છે. લગ્ન થયાં એટલે પત્ની સાથે પ્રેમ કરે છે ત્યારબાદ પુત્ર ઉપર પ્રેમ કરે છે. ત્યારબાદ પૈસા ઉપર પ્રેમ કરે છે વગેરે. આમ તેનાં પ્રેમપાત્ર બદલાતાં રહેછે.માટે ઈશ્વરને પ્રેમનું પાત્ર બનાવો જેથી પ્રેમનું પાત્ર બદલવાનો કદી પ્રસંગ ન આવે. આજકાલ લોકો ભક્તિ બહુ કરે છે,પરંતુ ભગવાનને સાધન માને છે અને સંસારના સુખને સાધ્ય માને છે,તેથી ભક્તિ ફળતી નથી.ભગવાનને સાધ્ય માનો,સંસારના સુખને નહીં. કથા કોઈને હસાવવા માટે નથી. કથા ઈશ્વરને રાજી કરવા માટે છે. શ્રોતાઓના હૃદયમાં જે શોક જાગૃત કરે છે તે શુક. કથા શુદ્ધ હૃદયે રડવા માટે છે.જીવનનો આટલો સમય નકામો ગયો વગેરે ભાવ હૃદયમાં જાગે તો આ કથા સાંભળી સાર્થક. કથા સાંભળ્યા પછી પણ વૈરાગ્ય ન આવે,પાપ ન છૂટે તો એ કથા સાંભળવી શું કામની? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### દીપિકા-અલ્લુ હવે એટલીની ફિલ્મમાં દેખાશે

# JR.NTRએ અર્જુન પાસેથી ફિલ્મ છીનવી

## અલ્લુ અર્જુન-સંદીપ રેડ્ડી વાંગા વચ્ચે અણબનાવ બાબતે ઓફિશિયલ કન્મફર્મેશન આવ્યું નથી

જાણીતા ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા છેલ્લા કેટલાક સમયથી પોતાની ફિલ્મોના બદલે વિવાદના કારણે ચર્ચામાં રહે છે. થોડા સમય અગાઉ દીપિકા પાદુકોણે વાંગાના ડાયરેક્શનમાં બની રહેલી ‘સ્પિરિટ’માંથી વિદાય લીધી હતી. રિપોર્ટ્સ મુજબ, વાંગાને અન્ય એક ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે વિવાદ થયો હોવાથી આ ફિલ્મમાં જુનિયર એનટીઆરનો સમાવેશ કરાયો છે. રણબીર કપૂરની ‘એનિમલ’થી દેશભરમાં જાણીતા બનેલા ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ ગત વર્ષે અલ્લુ અર્જુન સાથે એક ફિલ્મ સાઈન કરી હતી. ઘણાં મહિનાથી આ ફિલ્મનું કામ આગળ વધી શક્યુ ન હતું. આખરે આ ફિલ્મ માંથી અલ્લુ અર્જુનની હકાલપટ્ટી કરી દેવાઈ હોવાનું કહેવાય છે.





અલ્લુ અર્જુન અને સંદીપ રેડ્ડી વાંગા વચ્ચે અણબનાવ બાબતે ઓફિશિયલ કન્મફર્મેશન આવ્યું નથી. જો કે વાંગાએ આગામી ફિલ્મમાં જુનિયર એનટીઆરની પસંદગી કરી હોવાનું કહેવાય છે. સંદીપ રેડ્ડી વાંગાએ પ્રભાસ સાથે બિગ બજેટ ‘સ્પિરિટ’ની શરૂઆત કરી છે. આ ફિલ્મમાં લીડ રોલ માટે દીપિકા અગાઉ ફાઈનલ હતી. જો કે ૮ કલાકની શિફ્ટ અને પ્રોફિટ શેરની માગણીના પગલે વાંગા અને દીપિકા વચ્ચે મતભેદ થયા હતા. હવે વાંગાએ દીપિકાના બદલે અન્ય એક એક્ટ્રેસની શોધ શરૂ કરી છે. વિવાદના કારણે વાંગાની ફિલ્મમાંથી વિદાય લેનારા બીજા સ્ટાર તરીકે અલ્લુ અર્જુનનું નામ લેવાઈ રહ્યું છે. સંજોગવશાત આ બંને સ્ટાર્સ એટલીની આગામી ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા છે.

### સ્ક્રિપ્ટ સાંભળ્યા વગર જ આમિરે કેમિયો માટે સંમતિ આપી

# થ્રિલર ‘કુલી’માં આમિર ખાન પણ દેખાશે

## રજનીકાંતની આગામી ‘કુલી’નું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ દેશભરમાં ઉત્સુકતા છવાયેલી છે

રજનીકાંતની આગામી એક્શન-થ્રિલર ‘કુલી’નું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ દેશભરમાં ઉત્સુકતા છવાયેલી છે. લોકેશ કનગરાજના ડાયરેક્શનમાં બિગ બજેટ ફિલ્મને પાન ઈન્ડિયા રિલીઝનું આયોજન હોવાથી સાઉથના સ્ટારપાવરમાં બોલિવૂડની ફ્લેવર લાવવામાં આવશે. મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે જાણીતા આમિર ખાન રજનીકાંતની સાથે ‘કુલી’માં મહત્ત્વના રોલમાં જોવા મળશે. રિપોર્ટ્સ મુજબ, આમિરખાન આ ફિલ્મમાં નાનો, પરંતુ દમદાર રોલ કરવાના છે. આમિર ખાને સાઉથમાં પોતાના પ્રોજેક્ટ અંગે વાત કરતાં કહ્યું હતું કે, તેઓ રજનીકાંતના ખૂબ મોટા ફેન છે અને તેના કારણે ‘કુલી’માં કામ કરવા તૈયાર થઈ ગયા છે. આમિરના જણાવ્યા મુજબ, લોકેશ કનગરાજે રજનીકાંત સાથે ફિલ્મ ઓફર કરી હતી. રજનીકાંતનું નામ સાંભળતા જ આમિર ખાને તરત ઓફર સ્વીકારી હતી.



આમિર ખાન સામાન્ય રીતે ફિલ્મની પસંદગીમાં ખૂબ સાવચેતી રાખે છે. ફિલ્મમાં પોતાના કેરેક્ટર અને સ્ટોરીને સારી રીતે સમજ્યા પછી જ ઓફર સ્વીકારવાની આમિરને આદત છે. કોઈ ફિલ્મમાં નાનો રોલ હોય તો પણ આમિર ખાન ઘણી બધી તકેદારી રાખે છે. આ કિસ્સામાં આમિર ખાને રજનીકાંતનું નામ સાંભળતા જ ખુશ થઈને કેમિયો માટે તૈયારી બતાવી હતી. ‘કુલી’માં આમિર ખાનના કેમિયોનું શૂટિંગ પૂરું થઈ ગયું છે. આ ફિલ્મમાં પોતાના રોલ અંગે આમિરે સ્પષ્ટતા કરી નથી, પરંતુ શૂટિંગમાં ખૂબ મજા આવી હોવાનું જણાવ્યું છે.

### કોઈ પસ્તાવો નથી : આમના શરીફ

# ત્રણ વર્ષ સુધી કામ વગર બેસી રહી હતી આમના એક્ટ્રેસ



## હું એટલુ કહીશ કે એક વ્યક્તિ તરીકે પણ તે સમયે ઘણો વિકાસ કર્યો છે, જેની માટે મે ક્યારે પણ વિચાર્યુ પણ નહોતું

મુંબઈમાં ૧૬ જુલાઈ, ૧૯૮૨ના રોજ જન્મેલી આમના શરીફ ૨૦૦૦ના દાયકામાં ભારતીય ટેલિવિઝનના સૌથી લોકપ્રિય ચહેરાઓમાંની એક હતી. આમના શરીફે ૨૦૦૩માં ‘‘કહીં તો હોગા’’ સીરિયલમાં કશિશની ભૂમિકાથી ખૂબ નામના મેળવી હતી. આ સીરિયલમાં તેની સુંદરતાએ દર્શકોનું દિલ જીતી લીધું, અને તે ઘરે-ઘરે જાણીતી બની હતી. પરંતુ ૨૦૧૩માં લગ્ન બાદ તેણે ટીવીથી બ્રેક લીધો. ૨૦૧૯માં તેણે ‘‘કસૌટી જિંદગી કી’’માં કોમોલિકાની ભૂમિકા ભજવીને કમબેક કર્યું, જેને દર્શકોએ પસંદ કરી. ત્યાર બાદ અભિનેત્રી વર્ષ ૨૦૨૨માં વેબ સીરિઝ ડેમેજ સિઝન ૩ અને આધા ઈશ્કમાં જોવા મળી હતી. ત્રણ વર્ષના લાંબા સમય પછી આમના શરીફે ટેલિવિઝનથી બોલિવૂડમાં કમબેક કર્યુ છે. આમનાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે તેણે તેની મરજી મુજબ કામ પર બ્રેક લેવાનો નિર્ણય લીધો હતો. તેણે કહ્યું કે ‘ મેં મારા જીવનમાં બધી રીતે ઉતાર-ચઢાવ જોયા છે, મારી પાસે કોઈ કામ નહોતું. કેટલાક સમયથી નહીં કેટલાક વર્ષોથી હું કામ વગર બેસી રહી છું. મને ખબર છે કે મારો નિર્ણય ખોટો હતો, પણ હું એટલું જ કહીશ કે મને કોઈ પસ્તાવો નથી કે મે આટલો લાંબો બ્રેક લીધો. મને લાગે છે એકટરના જીવનનો આ એક ભાગ હોય છે, દરેક એક્ટરના જીવનના સફરમાં આ બાબતો પણ તેના હિસ્સે આવે છે. પરંતુ મેં એક એક્ટ્રેસ તરીકે ઘણો વિકાસ કર્યો છે. આ જીવનના તબક્કાએ મને ઘણી બધી વસ્તુઓની કિંમત કરવાનું શીખવ્યું છે.

# એક્ટર પૂજા બેનર્જીને વિશ્વાસુએ છેતરતાં ઘર ગિરવે મુક્વું પડ્યું

## ટીવી એક્ટ્રેસ પૂજા બેનર્જી ‘દેવોં કે દેવ મહાદેવ’ સિરીયલમાં પાર્વતીના પાત્રથી ઘણી જાણીતી થઈ હતી

ટીવી એક્ટ્રેસ પૂજા બેનર્જી ‘દેવોં કે દેવ મહાદેવ’ સિરીયલમાં પાર્વતીના પાત્રથી ઘણી જાણીતી થઈ હતી. હાલ તે અને તેનો એક્ટર પતિ કુનાલ વર્મા એક મુશ્કેલ પિરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. તાજેતરમાં તેણે ખુલાસો કર્યો છે કે તે એક મોટી આર્થિક છેતરપિંડીનો ભોગ બની છે, તેઓ એટલી મુશ્કેલ સ્થિતિમાં છે કે તેમની બધી જ બચત પણ વપરાઈ ગઈ છે. એક બ્લોગમાં પૂજાએ આ વાત કરી હતી. આ બ્લોગમાં પૂજાએ ખુબ ભાવુક થઈને કહ્યું કે છેલ્લાં કેટલાંક મહિના તેના જીવનનો સૌથી કપરો સમય રહ્યા છે. પૂજાએ કહ્યું કે અંતે તેને લાગ્યું કે આ વાત જાહેર કરવાનો હવે આ જ યોગ્ય સમય છે. મહત્વની વાત એ છે કે તેમણે જે કૌભાંડનો ખુલાસો કર્યો તે કોઈ અજાણ્યા નહીં પણ તેમનાં જ જાણીતા વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું, જેના પર તેમને ખુબ વિશ્વાસ હતો અને એ વ્યક્તિ છેલ્લા ત્રણ વર્ષથી તેમની સાથે ઘનિષ્ટ રીતે જોડાયેલી હતી.



પોતાનાં આંસુને મુશ્કેલીથી રોકતાં પૂજાએ કહ્યું કે તેઓ હજુ આઘાતમાં છે અને સ્વીકારવા મથી રહ્યાં છે કે તેમણે જે પૈસા ગુમાવ્યા છે તે ક્યારેય પાછા મેળવી શકશે નહીં. તેણે કહ્યું કે આ વાતની તેના પતિ કુનાલ પર બહુ ઊંડી અસર થઈ છે. પૂજાએ કહ્યું, ‘‘અમને આના વિશે વાત કરતાં ઘણો લાંબો સમય લાગી ગયો છે. અમે હજુ પણ ભાવુક થઈ જઈએ છીએ.’’ કુનાલ વર્માએ આ અંગે કહ્યું, ‘‘અમે કોઈના પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી લીધો અને અમે બધું જ ગુમાવી દીધું.’’ કુનાલે કહ્યું, તેમણે જે વ્યક્તિને પરિવાર જેવી માની તેણે જ તેમને તોડી નાખ્યા. તેમણે આ વાત પોતાના અંગત પરિવારથી પણ છુપાવવાની કોશિશ કરી. કુનાલનો દાવો છે કે જે વ્યક્તિએ તેમની સાથે છેતરપિંડી કરી છે તે તેમનો નજીકનો વ્યક્તિ હતો અને તેઓ બંને ત્રણ વર્ષથી તેના ઘરે પણ કેટલીક વખત ગયાં હતાં. પૂજા એ આગળ ખુલાસો કર્યો કે તેમણે આ સ્થિતિને પહોંચી વળવા માટે પોતાનું ઘર પણ ગિરવે મુકવું પડ્યું છે. તેઓ હવે પોતાનું ઘર પણ ગુમાવી દે એ સ્થિતિમાં છે. તેમની એક જ ઈચ્છા છે કે તેમનાં બાળકે ઘરની છત ગુમાવવાનો વારો ન આવે.



### પંચાયતની ટીમે ટ્રેલર લોંચ કરવાની સાથે જાહેર કરી રિલીઝ ડેટ

# લોકપ્રિય વેબ સિરીઝ ‘પંચાયત’ની ચોથી સિઝન ૨૪ જૂને આવશે...


‘પંચાયત’ એ સૌથી લોકપ્રિય વેબ સિરીઝમાંની એક સિરીઝ છે, જેની દરેક સીઝનની દર્શકો આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે હવે તેની નવી સીઝનની રિલીઝ ડેટ જાહેર કરી દેવાઈ છે. પંચાયતની ચોથી સીઝન ૨૪ જૂને રિલીઝ કરવામાં આવશે. નવી સીઝન સાથે ફુલેરામાં નવી વાર્તા અને નવો માહોલ જોવા મળશે. એ જ ચહેરાઓ અને એ જ પાત્રો નવા પડકારો અને નવી રમુજ સાથે ફરી એ જ હુંફ અને લાગણીનો અનુભવ કરાવશે. આ સીઝનમાં પણ જિતેન્દ્ર કુમાર, નીના ગુપ્યાસ રઘુબીર યાદવ, ફૈઝલ મલિક, ચંદન રોય, સાન્વિકા, દુર્ગેશ કુમાર, સુનિતા રાજવાર અને પંકજ જ્હા મહત્વના પાત્રોમાં જોવા મળશે. આ સીઝનમાં સ્વાનંદ કિરકિરેનું નવું પાત્ર જોવાની પણ મજા આવશે. આ સિરીઝ એમેઝઓન પ્રાઈમ વીડિયો પર ૨૪ જૂનથી ૨૪૦ દેશોમાં જોઈ શકાશે. આ સીઝનના ટ્રેલર પરથી અંદાજ આવે છે કે આ સીઝનમાં મંજુ દેવી અને ક્રાંતિ દેવી વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે અને તેનાથી દર્શકોને વધુ મજા અને મનોરંજન મળશે. બંને પક્ષ ચૂંટણીમાં એકબીજાને માત આપવા તૈયાર છે, બંનેના ચોટદાર સૂત્રો લખાઈ રહ્યાં છે અને એકબીજાના મુલ્યો અને વચનો પર મરી મસાલા ભભરાવવા તૈયાર છે. સાથે જ આ વખતની સીઝનમાં બંને પક્ષોના મજાના ચૂંટણી ગીતો સાંભળવાની પણ મજા આવશે. આ વખતની સીઝનની મહત્વની વાત એ છે કે આ વખતે રિલીઝ ડેટ દર્શકોએ તૈયાર કરી છે. સિરીઝની ટીમ દ્વારા દર્શકો પાસે રિલીઝ ડેટ માટેના મત માગવામાં આવ્યા હતાં, જેમાં ૬.૫ મિલિયન વોટ મળ્યા હતા. તેના કારણે આ સિરીઝની રિલીઝ ડેટ વહેલી કરી દેવામાં આવી છે.




આ સીઝન વિશે નીના ગુપ્તાએ કહ્યું, ‘‘મંજુ દેવીનાં પાત્રથી મને ઘણો સંતોષ થયો છે. કારણ કે તે આજે સૌથી વધુ લોકપ્રિય પાત્રોમાંનું એક બની ગયું છે, તેને લોકોનો ઘણો પ્રેમ મળ્યો છે. આ બધી સીઝનમાં આ પાત્રની એક સફર રહી છે, જેમાં બહુ મજા આવી છે, ચોથી સીઝનમાં નવા ટવિસ્ટ્સ જોવા મળશે, તેનાથી પાત્ર વધુ રસપ્રદ બનશે. આ વખતે દર્શકોને જે સરપ્રાઇઝ મળવાની છે, એમાં મજા આવી જવાની છે.’’ જ્યારે સચિવ બનતા જિતેન્દ્ર કુમારે કહ્યું, ‘‘પંચાયત ઓથેન્ટિક વાર્તાનું બહુ સારું ઉદાહરણ છે, જે ઘણા ભૌગોલિક પ્રદેશો, વિવિધ ઉંમરના લોકો, વિવિધ પ્રકારના રસ ધરાવતા લોકોમાં તેની વાર્તા, સ્થાનિક પાત્રો અને નાની નાની બાબતોને કારણે લોકપ્રિય સિરીઝ કેવી હોય તેનું ઉદાહરણ બની ગયું છે. તેના નવા પડાવને દર્શકો કેવો પ્રતિસાદ આપે છે, તે જોવા હું આતુર છું.’’

### ફિલ્મ સ્કાયફોર્સ પછી વીર દેવય્યાના પરિવારથી પ્રભાવિત થયો હતો

# અક્ષય-વીરે દેવય્યાનું ખોવાયેલું મહાવીર ચક્ર પાછું શોધી આપ્યું




## આ ફિલ્મના શૂટિંગ દરમિયાન વીરને દેવય્યા પરિવાર સાથે એક ગાઢ નાતો બંધાઈ ગયો હતો

અક્ષય કુમાર અને વીર પહાડિયાએ ‘સ્કાયફોર્સ’માં એરફોર્સ ઓફિસરના રોલ કર્યા હતા. પરંતુ તેઓ માત્ર આ ફિલ્મ કરીને અટકી ગયા નથી. તેમણે ફિલ્મ ઉપરાંત પણ પોતાની ક્ષમતાઓથી ઉપર જઈને એક વાસ્તવિક જીવનનું ઉમદા કામ કર્યુ છે. આ ફિલમ સ્કોડ્રોન લીડપ એ બી દેવય્યાના જીવન પર આધારીત હતી. જેઓ એક માત્ર એરફોર્સ ઓફિસર છે, જેમને મરણોપરાંત મહાવીર ચક્ર એનાયત કરવામાં આવ્યું હતું. પરંતુ આ મેડલ સમયાંતરે પરિવારમાંથી ખોવાઈ ગયું હતું, જે પાછું મેળવી આપવામાં અક્ષય અને વીરે દેવય્યા પરિવારને મદદ કરી છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન વીરને દેવય્યા પરિવાર સાથે એક ગાઢ નાતો બંધાઈ ગયો હતો. એ વખતે અક્ષયને આ મેડલ ખોવાઈ જવા વિશે જાણ થઈ હતી, જે વર્ષો પહેલાં પરિવારના ઘરમાંથી ચોરાઈ ગયું હતું, જેની પરિવાર પર ઊંડી અસર પડી હતી, ખાસ કરીને તેમના પત્ની સુંદરી પર. આ અંગે પિરવાર દ્વારા જાહેર કરાયેલાં એક વિનેદનમાં તેમની દિકરી પ્રીથા દેવય્યાના જણાવ્યા અનુસાર, ‘‘મારા મમ્મી માટે આ મેડલ મારા પિતાની બહાદુરી અને ગૌરવની નિશાની સમાન ઘરેણું હતું.’’આ ફિલ્મ રિલીઝ થઈ તે પહેલાં, ફિલ્મમાં સ્ક્વોડ્રોન લીડર એ.બી.દેવય્યાનો રોલ કરનાર વીર પહાડીયા પરિવારને મળવા ગયો હતો. ત્યારે આ બાબતની જાણ થતાં તેણે અને અક્ષયે પિરવાર માટે આ ઝુંબેશ ઉપાડવાનું નક્કી કર્યુ. પ્રીતાએ કહ્યું, ‘‘તેણે અક્ષય સાથે મળીને મેડલ પાછું મેળવી આપવાની આખી કવાયત પોતાના હાથમાં લઈ લીધી.’’

# આમિર-અક્ષયને ૮ કલાકની શિફ્ટ મળે તો દીપિકાને કેમ નહીં?

## હવે કબીર ખાન પણ દીપિકાના ટેકામાં, તાજેતરના એક ઇન્ટરવ્યુમાં કબીરખાને કામના કલાકોનું એક માળખું બનાવવા અંગે વાત કરી

દીપિકા પાદૂકોણ અને સંદીપ રેડ્ડી વાંગામાંથી કોઈએ ભલે એકબીજાનું નામ સ્પષ્ટ રીતે લીધું નથી કે નથી દીપિકાએ અંગે કોઈ સ્પષ્ટતા કે વાત કરી છે, તેમ છતાં દીપિકા અને સંદીપ રેડ્ડી વાંગા વચ્ચેની લડાઈ અને મુદ્દો ખુબ ચર્ચામાં છે. હવે આ લડાઈમાં જાણીતા ફિલ્મ મેકર કબીર ખાને પણ ઝંપલાવ્યું છે. તેણે દીપિકાને મજબુત ટેકો જાહેર કર્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કબીરખાને કામના કલાકોનું એક માળખું બનાવવા અંગે વાત કરી હતી સાથે તેણે ન્યાયી નિર્ણય, ધારા ધોરણો અને આરોગ્ય અંગે પણ વાત કરી હતી.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કબીરખાને કામના કલાકોનું એક માળખું બનાવવા અંગે વાત કરી હતી. તેણે કહ્યું, ‘‘હું સેટ પર ૫૦૦ લોકો સાથે કામ કરું છું એ દરેકના પરિવાર હોય અને અંગત જીવન હોય છે. આમિર અને અક્ષયને ૮ કલાકની શિફ્ટ મળે તો દીપિકાને કેમ નહીં? તેમના આરોગ્યનું પણ મહત્વ છે, તેઓ સારી રીતે કામ કરી શકે માત્ર એટલે નહીં, તેમનું માનસિક સ્વાસ્થ્ય માટે પણ જરૂરી છે.’’દીપિકાને ટેકો આપતા કબીર ખાને કહ્યું, ‘‘આ એક યોગ્ય મુદ્દો છે. આમિર ખાન આઠ કલાકની શિફ્ટમાં કામ કરે છે, અક્ષય પણ. તો મને ખબર નથી પડતી દીપિકા કેમ ન કરી શકે. જો કોઈ ડિરેક્ટર લાંબા સમય સુધી કામ કરવા માગતા હોય તો તેમની પાસે તેના માટે યોગ્ય કારણ પણ હોવું જોઈએ. આ એટલી સરળ વાત છે.’’પોતાના અંગત સમય અને પરિવારનું બલિદાન આપીને જ ફિલ્મ બની શકે તે વાતનો સ્પષ્ટ ઈનકાર કરતા કબીર ખાને કહ્યું, ‘‘મેં ક્યારેય એક દિવસમાં ૧૨ કલાકથી વધારે શૂટ કર્યુ નથી, ક્યારેય ઓવરટાઈમ કર્યો નથી અને ક્યારેય રવિવારે કામ કર્યુ નથી. આ સામાન્ય અને વ્યાજબી નિયમો છે.’’જ્યારે દીપિકાની ૨૫ કરોડ ફી લ્ટાર પાવર પર આધાર રાખે છે, આ અંગે કબીર ખાને કહ્યું, ‘‘જે દર્શકોને થિએટર સુધી લાવી શકે છે, પછી તે એક્ટર હોય, ડિરેક્ટર હોય, પુરુષ કે સ્ત્રી, તે દરેકને તેમના મૂલ્ય મુજબ વળતર મળવું જ જોઈએ.’’ હવે કબીર ખાન પણ દીપિકાના ટેકામાં, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કબીરખાને કામના કલાકોનું એક માળખું બનાવવા અંગે વાત કરી.





### તેમાં ફુલવિક એસિડ, ખનિજો, એન્ટીઓક્સિડન્ટ્સ-પોષક તત્ત્વો હોય

# શું સ્ત્રીઓ પણ શિલાજીત ખાઈ શકે છે?

**શિલાજીત માત્ર પુરુષોને શક્તિશાળી બનાવવા માટે નથી, સ્ત્રીઓ માટે પણ એક એવા આયુર્વેદિક રહસ્ય છે**

શિલાજીત ફક્ત પુરુષોની શક્તિ વધારવાની વસ્તુ નથી. તે સ્ત્રીઓ માટે પણ એટલી જ ફાયદાકારક છે. શિલાજીત ખાવાથી સ્ત્રીઓના શરીરની નબળાઈ દૂર થાય છે અને શક્તિ વધે છે. શિલાજીત પર્વતોમાંથી મળી આવતી એક શક્તિશાળી દવા છે. હજારો વર્ષોથી શિલાજીતનો ઉપયોગ પુરુષોની શક્તિ, સહનશક્તિ અને પુરુષ શક્તિ વધારવા માટે કરવામાં આવે છે. આયુર્વેદમાં, શિલાજીતને સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે અને રોગોની સારવારમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. એવું માનવામાં આવે છે કે શિલાજીત ખાવાથી પુરુષોની પુરુષ શક્તિ વધે છે અને આ કારણોસર તેને ઘણીવાર પુરુષો સાથે જોડવામાં આવે છે. હવે સવાલ એ છે કે શું સ્ત્રીઓ પણ શિલાજીત ખાઈ શકે છે? આવો નિષ્ણાતો પાસેથી જાણીએ કે આયુર્વેદ આ વિશે શું કહે છે. શિલાજીતમાં પુષ્કળ પ્રમાણમાં ફુલવિક એસિડ, ખનિજો, એન્ટીઑક્સિડન્ટ્સ અને પોષક તત્ત્વો હોય છે. તે શરીરના કોષોમાં નવી શક્તિ આપે છે અને શરીરની રોગો સામે લડવાની ક્ષમતામાં વધારો કરે છે. આયુર્વેદમાં, શિલાજીતને ફક્ત પુરુષો માટે જ નહીં, પણ સ્ત્રીઓ માટે પણ ટોનિક માનવામાં આવે છે. ઘણી રીતે તે પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધુ ફાયદાકારક ગણી શકાય. શિલાજીત ખાવાથી મહિલાઓના શરીરમાં શક્તિ ભરાઈ જશે અને ઘણી સમસ્યાઓ દૂર થશે. શિલાજીત મહિલાઓમાં એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન જેવા હોર્મોન્સને સંતુલિત કરવામાં મદદ કરે છે, જે માસિક અનિયમિતતા, PCOD અને મેનોપોઝ સંબંધિત સમસ્યાઓ ઘટાડી શકે છે. શિલાજીત થાક, નબળાઈ અને ઓછી ઉર્જાની સમસ્યાને દૂર કરે છે. તે કામ કરતી મહિલાઓ અને ગૃહિણીઓ બંને માટે ખૂબ જ ફાયદાકારક છે. શિલાજીતમાં હાજર એન્ટીઑક્સિડન્ટ્સ ત્વચાની કરચલીઓ ઘટાડે છે અને વૃદ્ધત્વની અસરોને ધીમી કરે છે. શિલાજીતમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ




અને અન્ય ખનિજોની હાજરી હાડકાંને મજબૂત બનાવે છે, જે મેનોપોઝ પછી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. નિષ્ણાતોના મતે, શિલાજીતને આયુર્વેદમાં એક રસાયણ માનવામાં આવે છે અને તેને જીવનશક્તિ વધારતી દવા કહેવામાં આવે છે. તે ફક્ત પુરુષો માટે જ નહીં પરંતુ સ્ત્રીઓ માટે પણ ઘણી રીતે ફાયદાકારક માનવામાં આવે છે. સ્ત્રીઓએ થોડી માત્રામાં શિલાજીતથી શરૂઆત કરવી જોઈએ. તે હૂંફાળા દૂધ અથવા પાણી સાથે લઈ શકાય છે. દિવસમાં એકવાર સવારે ખાલી પેટે અથવા ભોજન પછી તેને લેવું સારું છે. જોકે, સ્ત્રીઓએ શિલાજીત ખાતા પહેલા ડૉક્ટર અથવા આયુર્વેદિક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓએ શિલાજીતનું સેવન ન કરવું જોઈએ. જો કોઈને હોર્મોન સંબંધિત ગંભીર સમસ્યા હોય અથવા કોઈ ક્રોનિક રોગ હોય, તો ડૉક્ટરની સલાહ લીધા વિના શિલાજીતનું સેવન ન કરો. આધુનિક આયુર્વેદિક અભ્યાસ દર્શાવે છે કે શિલાજીત સ્ત્રીઓમાં હોર્મોનનું સંતુલન બાંધવામાં મદદરૂપ બની શકે છે, ખાસ કરીને Polycystic Ovary Syndrome (PCOS) જેવી પરિસ્થિતિમાં. તેનો નિયમિત ઉપયોગ ઈન્સ્યુલિન પ્રતિસાદ સુધારી શકે છે અને ઓવ્યુલેશનને પ્રોત્સાહન આપી શકે છે. શિલાજીત એ એક પ્રાકૃતિક એડેપ્ટોજન છે. તે તનાવ (સ્ટ્રેસ) અને ચિંતાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. સ્ત્રીઓમાં માનસિક તણાવનું પ્રમાણ ઊંચું રહે છે - તેથી શિલાજીત રોજિંદા ઉર્જા અને મનોબળ જાળવી રાખવામાં અસરકારક સાબિત થાય છે. શિલાજીત ફર્ટિલિટી વધારવા માટે પણ ઉપયોગી માનવામાં આવે છે. કેટલાક આયુર્વેદિક અભ્યાસો મુજબ, તે અંડાણુ ગુણવત્તા અને યોનિ આરોગ્યમાં સુધારો લાવી શકે છે. જે સ્ત્રીઓ માતૃત્વ માટે તૈયારી કરી રહી હોય તેમને શિલાજીત ડૉક્ટરની સલાહથી શરૂ કરવું લાભદાયી રહે શકે છે. શિલાજીતમાં આયર્ન, મેગ્નેશિયમ અને પોટેશિયમ જેવા મિનરલ્સ હોય છે, જે લોહીની કમી દૂર કરવામાં મદદ કરે છે. થાક, ચક્કર અને ઉર્જાની ઉણપ અનુભવનાર મહિલાઓ માટે શિલાજીત પાવરટોનિક બની શકે છે. શિલાજીત ત્રિદોષ શમક હોય છે (વાત, પિત્ત અને કફ સંતુલિત કરે છે). તે પાચન સુધારે છે, અગરુતુ ઉર્જા આપે છે અને આયુર્વેદ અનુસાર 'ઓજસ' વધારવામાં મદદ કરે છે.

**શરીરમાં જો આ વિટામિનની કમી હશે તો આખી બોડી ખોખલું થઈ જશે, આ ફુડ ખાવાનું શરુ કરી દો....**

# વિટામિનની કમીથી નસોના ફંક્શન નબળા

**નસો કામ કરવાનું બંધ કરી દેશેઃ વિટામિન B12ની કમીથી નસોના ફંક્શન નબળા થઈ જશે, આ મસ્તિષ્ક અને તંત્રિકા તંત્રના ફંક્શનને બનાવી રાખવામાં મદદ કરે છે**

જો આપણે કહીએ કે આપણા શરીરને કણે કણમાં વિટામિન B12ની જરૂર છે, તો તેમાં કોઈ શંકા ન હોવી જોઈએ. વિટામિન B12 ખૂબ જ મહત્ત્વનું વિટામિન છે, જે આપણા શરીર માટે કેટલાય મહત્ત્વના કામ કરે છે. વિટામિન B12નું નામ કોબાલમિન છે. તે હેલ્થી રક્ત કોશિકાઓ અને નર્વ કોશિકાઓ બનાવે છે. એટલે કે તે લોહીની પણ બનાવે છે અને નસ પણ બનાવે છે.

આ તમામ કોશિકાઓમાં જોવા મળતા DNA બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. આ મેટાબોલિઝમ માટે જરૂરી છે. વિટામિન B12ની કમી થઈ જાય તો લોહી મેચ્યોર નહીં થાય. તો વળી નસો યોગ્ય રીતે કામ નહીં કરે તો મગજમાં ભ્રમની સ્થિતિ રહેશે. આવી જ રીતે વિટામિન B12ની કમી થઈ તો શરીરમાં તમામ પ્રકારના કામ ઠપ થઈ જશે.

નસો કામ કરવાનું બંધ કરી દેશેઃ વિટામિન B12ની કમીથી નસોના ફંક્શન નબળા થઈ જશે. આ મસ્તિષ્ક અને તંત્રિકા તંત્રના ફંક્શનને બનાવી રાખવામાં મદદ કરે છે. તેનાથી નસોને નુકસાન થતાં બચાવે છે. તેનાથી ન્યૂરોલોજિકલ કાર્ય બની રહે છે.

વિટામિન B12 DNAના ઉત્પાદનમાં ભાગ લે છે. જે આનુવંશિક જાણકારીને વહન કરે છે અને કોશિકાઓ વૃદ્ધિ અને વિભાજન માટે જરૂરી હોય છે.

મેટાબોલિઝમ બૂસ્ટ- વિટામિન B મેટાબોલિઝમ બૂસ્ટ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. એટલા માટે તેની કમીથી મેટાબોલિઝમ નબળું થઈ જાય છે. આ વસા અમ્લો અને એમિનો એસિડનું વિઘટન કરે છે. તેનાથી ભોજનને ઊર્જામાં બદલવામાં મદદ મળે છે.

એનિમિયા રોકશે- વિટામિન B12ની કમીથી મેગાલોબ્લાસ્ટિક એનિમિયા થઈ શકે છે. કેમ કે તે લોહીને બનાવે છે, એટલા માટે તે લાલ રક્ત કોશિકાઓમાં કમી કરી શકે છે. આવી સ્થિતિ જેમાં લાલ રક્ત કોશિકાઓ અસામાન્ય રીતે મોટી થાય છે



અને યોગ્ય કાર્ય કરી શક્તી નથી. તેને મેગાલોબ્લાસ્ટિક એનિમિયા કહે છે.

વિટામિન B12ની કમી થઈ જાય તો શું ખાવું જોઈએ? ભારતમાં અડધાથી વધારે લોકોને વિટામિન B12ની કમી છે. નોન-વેજ આઈટમમાં વિટામિન B12 વધારે હોય છે. પણ જો તમે વેજિટેરિયન છો તો પણ આપની પાસે વિકલ્પની કમી નથી. તમે સ્પ્રાઉટમાં મગ, ચણા, મેથી, કાળા ચણા, રાજમા અને ઘઉંને સ્પ્રાઉટ કરીને ખાઈ શકો છો. આ ઉપરાંત દાડમ, બીટથી આપને વધારે વિટામિન B12 મળી શકે છે. પાલકમાં પણ ખૂબ વિટામિન B12 હોય છે. ડેરી પ્રોડક્ટ્સમાં પણ વિટામિન B12નો ઉત્તમ સોર્સ હોય છે. જો આપ નોન-વેજિટેરિયન છો તો માંસ, મછલીથી વિટામિન B12 મળશે. ઈંડા પણ વિટામિન B12નો શાનદાર સોર્સ છે.

# રાત્રે સુતા પહેલા આ વસ્તુનું પાણી પીવો, શરીરને થશે ગજબનો ફાયદો

કોઈપણ માણસને સ્વસ્થ રહેવા માટે સારી અને પૂરતી ઊંઘ લેવી ખૂબ જરૂરી છે. આ માટે લોકો ઘણી બધી વસ્તુઓ કરે છે. પરંતુ, જો પેટમાં કોઈ સમસ્યા હોય તો તે ઊંઘ બગડવાની સાથે પેટ ભારે લાગવું, ખાટા ઓડકાર, ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓનું થઈ શકે છે. પેટ સંબંધિત આ સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે લોકો ઘણી મોંઘી દવાઓ લે છે. તેનાથી તમે તાત્કાલિક રાહત તો મળી જશે, પરંતુ તેની કેટલીક આડઅસર પણ થઈ શકે છે. ત્યારે તમે ઘરમાં રાખેલી કેટલીક વસ્તુઓનું સેવન કરીને પણ આ સમસ્યાઓમાંથી છૂટકારો મેળવી શકો છો. આ વસ્તુઓ છે વરિયાળી અને જીરું. તેમના સ્વાસ્થ્ય લાભ મેળવવા માટે તમારે સૂતા પહેલા વરિયાળી અને જીરાનું પાણી પીવું જોઈએ. આમ કરવાથી ખોરાક સરળતાથી પચી જશે અને પેટ સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થશે. હવે પ્રશ્ન એ છે કે જીરું અને વરિયાળીનું પાણી પીવાથી શું થશે? વરિયાળી-જીરાંનું પાણી સ્વાસ્થ્ય માટે કેવી રીતે ફાયદાકારક છે? એક્સપર્ટના મતે, જો તમને પેટ ભારે લાગે છે અથવા સૂતી વખતે ઓડકાર આવે છે તો તેનો અર્થ એ છે કે તમારું પાચનતંત્ર યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી. એટલે કે પાચન પ્રક્રિયા ધીમી



**ક્યારેય નહીં થાય પેટની કોઈ પણ સમસ્યા! વરિયાળી અને જીરુંના પાણી પીવાથી પેટની સમસ્યાઓમાં રાહત મળે છે, આ પાણી પાચનતંત્રને સુધારે છે અને એસિડિટી, ગેસ અને બળતરા જેવી સમસ્યાઓ દૂર કરે છે**

પડી ગઈ છે. જો તમને આવી સમસ્યા હોય, તો તમારે સૂવાના ૩-૪ કલાક પહેલા જ જમી લેવું જોઈએ. એટલું જ નહીં પાચનતંત્રને સ્વસ્થ રાખવા માટે રાત્રે હળવો ખોરાક ખાવો. જો આટલું કર્યા પછી પણ કોઈ સમસ્યા હોય, તો તમારે રાત્રે સૂતા પહેલા જીરું અને વરિયાળીનું પાણી પીવું જોઈએ. સૂતા પહેલા જીરાનું પાણી શા માટે પીવું જોઈએ? એક્સપર્ટના જણાવ્યા અનુસાર, જીરું ખોરાકને ઝડપથી પચાવવામાં ફાયદાકારક છે. તેની તાસિર ગરમ હોય છે, જેનાથી મળત્યાગ સરળ બને છે. જો તમારો ખોરાક મોડો પચે છે, તો સૂતા પહેલા જીરાનું પાણી ચોક્કસ પીવો. આનાથી ખોરાક ઝડપથી પચવામાં મદદ મળશે અને સવારે મળત્યાગ પણ સરળતાથી થશે. જીરાનું પાણી પીવાથી ભૂખ વધે છે. જે લોકોને ભૂખ નથી લાગતી તેઓને આ પાણી પીધા પછી કુદરતી રીતે ભૂખ લાગવા લાગે છે. તે પેટમાં હાજર એસિડને સક્રિય કરે છે, જે ખોરાકના યોગ્ય પાચનમાં મદદ કરે છે. સૂતા પહેલા જીરું અને વરિયાળીનું પાણી પીવાના લાભ, એસિડિટી અને ગેસમાંથી રાહતઃ જીરું અને વરિયાળી બંને ખોરાકને પચાવવામાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી પેટનું ફૂલવું અને એસિડિટી જેવી સમસ્યાઓ દૂર થાય છે. જો પેટમાં ગેસ હોય, તો તેનું સેવન કરવાથી ગેસમાંથી પણ રાહત મળે છે. વરિયાળી અને જીરાનું પાણી પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે, જેનાથી એસિડિટીની સમસ્યામાં રાહત મળે છે. પેટમાં નહીં થાય બળતરાઃ પેટમાં એસિડ વધવાને કારણે બળતરા થાય છે. પરંતુ જો તમે વરિયાળી અને જીરાનું પાણી પીઓ છો, તો તે પેટમાં બળતરા ઘટાડે છે.

# શું તમને પણ નવા કપડાં ધોયા વગર પહેરવાની આદત છે?

મોટાભાગના લોકો નવા કપડાં વોશ કર્યાં વગર ડાયરેક્ટ પહેરી લેતા હોય છે. આમ, તમને પણ આવી આદત છે તો તમારે સુધારવાની જરૂર છે. આ તમારા શરીરમાં અનેક ઘણી તકલીફો ઉભી કરી શકે છે. નવા કપડાં દરેક લોકોને લેવા ગમતા હોય છે. પરંતુ અનેક લોકો નવા કપડાં ધોયા વગર જ પહેરી લેતા હોય છે. આ કારણે ત્વચા સંબંધિત સમસ્યાઓ વધારે થાય છે. તમને પણ આવી આદત છે તો તમારે સુધારવાની જરૂર છે. તો જાણો નવા કપડાં ધોયા વગર પહેરવાથી હેલ્થને શું નુકસાન થાય છે? આમ, તમને જણાવી દઈએ કે નવા કપડાં તમે જ્યારે ખરીદો છો ત્યારે આ કપડાંમાં પહેલાં અનેક લોકોએ ટ્રાય કરેલાં હોય છે. આ કારણે સ્કિન ઈન્ફેક્શન થવાના ચાન્સિસ વધી જાય છે. આ સાથે ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. આમ, તમે પણ આટલું જાણ્યાં પછી નવા કપડાં ક્યારેય ધોયા વગર પહેરશો નહીં. ભલે નવા કપડાં દેખાવમાં મસ્ત લાગતા હોય, પરંતુ એની અંદર કીટાણુ હોઈ શકે છે. આ સમયે તમે ધોયા વગર નવા કપડાં પહેરી લો છો તો તમારા શરીર પર હુમલો કરી શકે છે. આ કારણે તબિયત ખરાબ થઈ શકે છે. આમ, સ્વાસ્થ્ય મજબૂત રાખવા માટે ક્યારેય નવા કપડાં ધોયા વગર પહેરશો નહીં. કપડાં ધોયા વગર તમે પહેરો છો તો અનહાઈજેનિક સાબિત થાય છે. સ્વાસ્થ્ય અને ત્વચાની દેખરેખ માટે હાઈજીનનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. આ કારણે એક્સપર્ટ કપડાં ધોયા પછી પહેરવાની સલાહ આપે છે. આમ, વાત કરવામાં આવે તો અનેક લોકોને સ્કિનની તકલીફ પણ હોય છે. આ સમયે તમે નવા કપડાં ધોયા વગર પહેરી લો છો તો તમને પણ સ્કિનની એલર્જી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન થવાની જરૂર છે. આ માટે ક્યારેય પણ નવા કપડાં ધોયા વગર પહેરશો નહીં. જો કે તમને પહેલાંથી જ સ્કિનને લઈને કોઈ સમસ્યા છે તો ક્યારેય નવા કપડાં ધોયા વગર પહેરવા જોઈએ નહીં.

# વાળ ડેમેજ થઇ ગયા છે? દહીંમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવો

**શું તમારા વાળ ઘણા ડેમેજ થઇ ગયા છે અને ખરાબ થઇ ગયા છે, તો આ બે વસ્તુને મિક્સ કરીને તમારા માથામાં લગાવો**

તડકો, ધૂળ અને પ્રદૂષણના કારણે વાળ ખરાબ થાય છે. આ સાથે જ, બજારમાં મળતા પ્રોડક્ટ્સનો ઉપયોગ અને વાળની યોગ્ય કાળજી ન લેવાના કારણે પણ વાળની ચમક ખોવાઈ જાય છે. આ સમસ્યા ન થાય અને વાળ સિલ્કી રહે તે માટે તમે નેચરલ વસ્તુઓથી બનેલા હેર માસ્ક ટ્રાય કરી શકો છો. આ હેર માસ્ક બનાવવા માટે તમારે કોઈ ખર્ચો કરવાની પણ જરૂર નથી. તમે ઘરે જ આસાનીથી બે વસ્તુથી આ માસ્ક બનાવી શકો છો. ચાલો જાણીએ આ હેર માસ્ક કેવી રીતે ઉપયોગ કરવો અને કઈ રીતે બનાવવો. વાળને સિલ્કી બનાવવા માટે આ નેચરલ હેર માસ્ક ટ્રાય કરો, વાળને સિલ્કી બનાવવા માટે તમે કેળા અને દહીંથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરી શકો છો. આ બંને વસ્તુઓમાં ઘણા ગુણો છે અને કેળા અને દહીંના હેર માસ્કનો ઉપયોગ કરવાથી ડેમેજ વાળ રિપેર થઈ શકે છે. કેળું વાળ માટે ફાયદાકારક છે. કેળું વાળને રિપેર કરવા સાથે, તેને મજબૂત બનાવવાનું કામ કરે છે. સાથે જ કેળાથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરવાથી વાળના ડ્રાય હોવાની સમસ્યા પણ ઓછી થાય છે અને વાળમાં ચમક પણ



આવે છે. દહીંમાં ઘણા ગુણો હોય છે અને આ ગુણો વાળ માટે ખૂબ ફાયદાકારક છે. દહીંમાં પ્રોટીન, વિટામિન અને ફેટી એસિડ હોય છે. સાથે જ દહીંનો ઉપયોગ કરવાથી સ્કાલ્પ સાફ થાય છે અને ખંજવાળની સમસ્યા પણ ઓછી થાય છે. દહીંથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરવાથી વાળ સિલ્કી અને શાઈની થઈ શકે છે. હેર માસ્ક બનાવવા માટે જરૂરી સામગ્રીઃ ૧ કેળું, ૨ મોટા ચમચો તાજું દહીં, ૧ ચમચો મધ, હેર માસ્ક બનાવવાનો અને ઉપયોગ કરવાનો રીતઃ એક વાટકીમાં કેળાને મેશ કરો અને પછી તેમાં દહીં મિક્સ કરો. આ બંનેને સારી રીતે મિક્સ કર્યા પછી તેમાં મધ ઉમેરો. આ પેસ્ટને વાળમાં સારી રીતે લગાવો. અડધા કલાક પછી વાળને સારી રીતે ધોઈ લો.

# ગરમીમાં માથા પર ખંજવાળ અને ખોડો થઇ ગયો છે?

**તમને માથામાં ઘણી ખંજવાળ આવે છે અને ખોડો થી ગયો છે, દહીં આ એક વસ્તુ નાખીને માથામાં લગાવો**

ઉનાળાની ઋતુમાં પરસેવાના કારણે ત્વચા અને વાળની સમસ્યાઓ સામાન્ય છે. જો આ સમસ્યાઓને અવગણવામાં આવે, તો તે વધુ ગંભીર બની શકે છે. તેથી, સમયસર આ સમસ્યાઓનું નિરાકરણ કરવું જરૂરી છે. ઉનાળામાં વધારે પડતા તડકાના કારણે ત્વચા પર ટેનિંગ અને વાળમાં ખંજવાળ, ડેન્ડ્રફ અને સ્કેલ્પ પર પિમ્પલ્સ થઈ શકે છે. તેથી, ઉનાળામાં વાળને ગંદા રાખવા ન જોઈએ અને શક્ય હોય તો વાળને ઢાંકી રાખવા જોઈએ, જેથી સીધો તડકો વાળ પર ન પડે અને વાળ પ્રદૂષણથી બચી રહે. વાળમાં ખંજવાળ અને ડેન્ડ્રફ દૂર કરવા માટે ઘરેલુ ઉપાય આવશ્યક સામગ્રીઃ ૧ વાટકી ખાટું દહીં ૨ ચમચી મેથી દાણા (ભીંજવેલા) ૧ ચમચી ગ્રીન ટી એલોવેરા જેલ, સૌથી પહેલા એક કટોરીમાં દહીં લઈ તેને સારી રીતે ફેંટી લો. હવે પલાળેલા મેથી દાણા મિક્સર જારમાં નાખી પીસી લો અને તેની પેસ્ટ બનાવો. આ પછી એક પેનમાં ગ્રીન ટી નાખી થોડો સમય ઉકાળો. તમને માથામાં ઘણી ખંજવાળ આવે છે અને ખોડો થી ગયો છે. દહીં આ એક વસ્તુ



નાખીને માથામાં લગાવો. જેને ટ્રાઈ કરીને આ સમસ્યામાંથી રાહત મેળવી શકો છો. હવે આ પાણી ગાળી લો અને ઠંડુ થવા દો. દહીંમાં મેથી દાણાની પેસ્ટ મિક્સ કરો. છેલ્લે, એલોવેરા જેલ ઉમેરો અને બધું મિક્સ કરી હેર માસ્ક બનાવો. કેવી રીતે વાળમાં લગાવવુંઃ આ હેર માસ્ક લગાવવાના પહેલા વાળને સારી રીતે ધોઈ લો. જ્યારે વાળ સુકાઈ જાય, ત્યારે વાળ ધોવાના લગભગ ૨ કલાક પહેલા આ હેર માસ્ક લગાવો. વાળ સુકાઈ જાય પછી શેમ્પૂની મદદથી ધોઈ લો. આ હેર માસ્ક તમે અઠવાડિયામાં બે વાર લગાવી શકો છો. થોડા જ દિવસોમાં તમારા વાળમાંથી ખંજવાળ અને ડેન્ડ્રફની સમસ્યા દૂર થઈ જશે.

**ન્યૂઝ બ્રિફ**

## તણાવને પગલે ભારતીય ચા નિકાસ માટે સંકટના એંધાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

પશ્ચિમ એશિયાઈ બજારો, ખાસ કરીને ઈરાન અને ઈરાકમાં મજબૂત માંગને કારણે ભારતીય પરંપરાગત ચાના ભાવમાં વધારો થયો છે. પરંતુ હવે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષથી તણાવ વધવાનો ભય છે, જેના કારણે આ ક્ષેત્રમાં ચાનો પુરવઠો ખોરવાઈ શકે છે જેના પગલે ભારતીય ચા નિકાસ માટે સંકટ ઉભું થવાના એંધાણ સાંપડે છે. ઈન્ડિયન ટી એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે ચા વહન કરતા કાર્ગો પહેલાથી જ નીકળી ગયા છે, કેટલાક હજુ પણ શિપ મેન્ટની રાહ જોઈ રહ્યા છે. તેથી, હાલના અને ભવિષ્યના ઓર્ડર અંગે ચિંતા છે. આ સંઘર્ષની પરિસ્થિતિ તેમજ નિકાસ અંગે ચિંતિત છીએ. એસોસિએશનના સભ્યો પોતપોતાના ખરીદદારો સાથે સંપર્કમાં છે. અને પરિસ્થિતિનો અંદાજ કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉત્પાદકો અને નિકાસકારો બંનેને ચાના વ્યવસાયમાં કામચલાઉ ઘટાડો થવાનો ભય અનુભવી રહ્યા છે.

## ઝિપલાઇન તૂટી જતાં 30 ફૂટ નીચે પડી ગઈ બાળકી

। (એજન્સી) મનાલી, તા.૧૫ ।

ઉનાળાની ગરમીમાં લોકો મોટાભાગે ઉત્તર ભારતના કુલુ, મનાલી, શિમલા જેવા સ્થળોએ પ્રવાસ કરતાં હોય છે. તાજેતરમાં જ નાગપુરનો એક પરિવાર મનાલી ફરવા ગયો હતો, જ્યાં ઝિપલાઈનિંગ દરમિયાન તેમની પુત્રી સાથે દુખદ ઘટના બની છે. હકીકતમાં ઝિપલાઈનિંગ દરમિયાન કેબલ તૂટી પડતાં મનાલી ફરવા ગયેલા પરિવારની પુત્રી ૩૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગઈ હતી. જેથી તેના પગે ફ્રેક્ચર થયું હતું. નાગપુરના રહેવાસી પ્રફુલ્લ બિજવે તેમની પત્ની અને પુત્રી ત્રિશા સાથે મનાલી ગયા હતા. જ્યાં ઝિપલાઈન દરમિયાન કેબલ તૂટી જતાં તે ૩૦ ફૂટ ઊંડા ખાડામાં પટકાઈ હતી, જેથી તેના પગે ફ્રેક્ચર થયું હતું. પરિવારે આરોપ લગાવ્યો છે કે, ઝિપલાઈનિંગ સાઈટ પર સુરક્ષા વ્યવસ્થા પુરતા પ્રમાણમાં નહોતી અને દુર્ઘટના બાદ પણ કોઈ પ્રકારની સુવિધા નહોતી મળી. ઘટના બાદ ત્રિશાને પ્રાથમિક સારવાર માટે પહેલા મનાલીમાં લઈ જવામાં આવી હતી.

## ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાને 3 રાફેલ તોડી પાડ્યાનો દાવો ખોટો

। (એજન્સી) ફ્રાન્સ, તા.૧૫ ।

પહલગામ હુમલાનો બદલો લેતાં ભારતે પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાંઓને નષ્ટ કરતાં ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. આ ઓપરેશન સિંદૂરમાં પોતાની હારને જીતમાં બદલવા માટે પાકિસ્તાન વિવિધ દાવા કરી રહ્યું હતું. જેમાં તેનો ભારતના ત્રણ રાફેલ સહિત પાંચ ફાઈટર પ્લેન તોડી પાડ્યા હોવાનો દાવો પોકળ સાબિત થયો છે. રાફેલ બનાવનારી કંપનીએ જ પાકિસ્તાનના આ દાવાને પાયાવિહોણો ગણાવ્યો છે. ફ્રાન્સની વિમાન નિર્માતા કંપની દસોલ્ટ એવિએશનના સીઈઓ એરિક ટ્રાપિએ પાકિસ્તાન દ્વારા ત્રણ ભારતીય રાફેલ જેટ તોડી પાડ્યા હોવાનો દાવો ફગાવ્યો છે. તેમણે આ દાવાને પાયાવિહોણો ગણાવતાં ખોટો ઠેરવ્યો છે. પેરિસમાં એર શોના આયોજન પહેલાં એરિકે મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ભારતીય રાફેલને તોડી પાડ્યા હોવાની વાતો ખોટી છે. રાફેલની ક્ષમતાઓ અને તેના ટકાઉપણા પર સંપૂર્ણ વિશ્વાસ છે. રાફેલ અત્યંત ઉપયોગી ફાઈટર પ્લેન છે. તે હવામાં હવાઈ હુમલો, જમીન પર હુમલો, જાસૂસી મિશન, પરમાણુ પ્રતિરોધ, અને એરક્રાફ્ટ કેરિયરથી ઉડાન ભરવા સક્ષમ છે. વિશ્વભરમાં મોર્ડન ફાઈટર પ્લેનની યુદ્ધ ક્ષમતા મુદ્દે ચાલી રહેલી ચર્ચા વચ્ચે રાફેલના સીઈઓનું આ નિવેદન પાકિસ્તાનના વધુ એક દાવાની પોલ ખુલ્લી પાડી છે. એરિકના મતે એફ-૨૨ જેવા સ્ટિલ્થ વિમાનની તુલનાએ રાફેલમાં અમુક મર્યાદાઓ છે. પરંતુ એફ-૩૫ની તુલનાએ રાફેલ અત્યંત વર્સેટાઈલ અને યુદ્ધ માટે તત્પર પ્લેન છે. ચીનમાં ઉપલબ્ધ ફાઈટર પ્લેનની તુલનાએ રાફેલની ક્ષમતા અનેકગણી છે. પાકિસ્તાન તેને તોડી પાડવા સક્ષમ નથી.

### દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ડેલ સ્ટેનની ભવિષ્યવાણી

# ગિલની આગેવાની હેઠળની યુવા ભારતીય ટીમ ૩-૨થી હારશે: ડેલ સ્ટેન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી પાંચ મેચની હાઈ-પ્રોફાઈલ ટેસ્ટ શ્રેણીની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ઈંગ્લેન્ડની ટીમને બેઝબોલ શૈલીમાં ટેસ્ટ ક્રિકેટ રમવાનો ગર્વ છે, જેના કારણે યુવા ભારતીય ટીમે સાવધ રહેવાની જરૂર છે. ઈંગ્લેન્ડની ટીમ ગ્રીન ટોપની પિચો તૈયાર કરાવશે, જેના પર ભારતના યુવા બેટ્સમેન સંઘર્ષ કરતા જોવા મળી શકે છે. સ્વિંગ સામે ભારતીય બેટ્સમેનોની અગ્નિપરીક્ષા થશે. ભારત દૃજ ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી વિશે એક મોટી ભવિષ્યવાણી કરવામાં આવી છે. દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ફાસ્ટ બોલર ડેલ સ્ટેને આ



ટેસ્ટ શ્રેણીના વિજેતાનું નામ આપ્યું છે. ભારતને ઈંગ્લેન્ડ સાથે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે, જે ૨૦ જૂનથી લીડ્સમાં શરૂ થશે. શ્રેણી પહેલા, દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ડેલ સ્ટેને એક મોટી ભવિષ્યવાણી કરી છે. ડેલ સ્ટેને કહ્યું, મેચ મુશ્કેલ હશે, પરંતુ ફક્ત એક જ વિજેતા હશે. ઈંગ્લેન્ડની ટીમ કેપ્ટન શુભમન ગિલની આગેવાની હેઠળની યુવા ભારતીય ટીમને ૩-૨થી હરાવશે. ડેલ સ્ટેને JioHOstar સાથે વાત કરતા કહ્યું, બધી મેચોનું પરિણામ આવશે. મને લાગે છે કે ટેસ્ટ શ્રેણીનું પરિણામ ઈંગ્લેન્ડના પક્ષમાં ૩-૨ રહેશે. દરેક ટેસ્ટ મેચનું પરિણામ આવશે. કોઈ પણ ટીમ સરળતાથી જીતી શકશે નહીં, પાંચેય મેચ ખૂબ રસાકસી ભરી હશે. કોચ બ્રેન્ડન મેકકુલમ અને કેપ્ટન બેન સ્ટોક્સના નેતૃત્વમાં ઈંગ્લેન્ડનો રેકોર્ડ ચોક્કસ પણે ડેલ સ્ટેનની ભવિષ્યવાણીને સમર્થન આપે છે. કોચ બ્રેન્ડન મેકકુલમના નેતૃત્વમાં, ઈંગ્લેન્ડે ઘરેલુ મેદાન પર ૨૦ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી તેણે ૧૫ મેચ જીતી છે અને ચાર મેચ હારી છે. ફક્ત એક મેચ ડ્રો રહી છે.

### ૧૫ વર્ષ પછી ઓસ્ટ્રેલિયા ફાઇનલમાં હારી ગયું

# WTC ફાઇનલમાં હાર બાદ સ્મિથના નામે જોડાયો એક શરમજનક રેકોર્ડ

। (એજન્સી) લંડન, તા.૧૫ ।

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ આ વખતે ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ હતી. લોર્ડ્સમાં રમાયેલી આ મહત્વપૂર્ણ મેચ જીતીને દક્ષિણ આફ્રિકાએ પ્રથમ વખત WTC ટાઈટલ જીત્યું છે. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાની બીજી ICC ટ્રોફી જીતવાની ૨૭ વર્ષની રાહ પણ પૂરી થઈ ગઈ છે.

ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની હાર સાથે સ્ટીવ સ્મિથના નામે એક શરમજનક રેકોર્ડ જોડાઈ ગયો છે. આજ સુધી આ શરમજનક રેકોર્ડ કોઈપણ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરના નામે નથી. પહેલી વાર દક્ષિણ આફ્રિકાની ટીમ WTC ફાઈનલ રમી રહી હતી



અને પહેલા જ પ્રયાસમાં તેણે ટાઈટલ પર કબજો કર્યો. ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને ૫ વિકેટથી હરાવ્યું. આ મેચમાં હાર સાથે સ્ટીવ સ્મિથના નામે એક શરમજનક રેકોર્ડ જોડાયો છે. સ્મિથ હવે ઓસ્ટ્રેલિયા માટે 2 ICC ફાઈનલ હારનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. અગાઉ જ્યારે ઈંગ્લેન્ડે ૨૦૧૦ T20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, ત્યારે સ્મિથ પણ ટીમનો ભાગ હતો.

આ ફાઈનલના ત્રીજા દિવસે સ્ટીવ સ્મિથ પણ ઘાયલ થયો હતો. ત્રીજા દિવસે સ્લિપમાં ફિલ્ડિંગ કરતી વખતે મિશેલ સ્ટાર્કની ઓવરમાં સ્મિથની આંગળીમાં ઈજા થઈ હતી. જેના કારણે તેને મેચ છોડીને હોસ્પિટલમાં જવું પડ્યું હતું. ઈજાના કારણે સ્ટીવ ચોથા દિવસે પણ ફિલ્ડિંગમાં આવ્યો ન હતો. આઈસીસી ટુર્નામેન્ટની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના નામે સૌથી વધુ આઈસીસી ટ્રોફી પણ છે. હવે ઓસ્ટ્રેલિયાને ૧૫ વર્ષ પછી આઈસીસી ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# ઈન્ટ્રા સ્કવોડ વોર્મ અપ મેચમાં સરફરાઝ ખાને ફટકારી સદી

। (એજન્સી) બેકનહામ, તા.૧૫ ।

સરફરાઝ ખાને ઈંગ્લેન્ડમાં પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખતા શનિવારે બેકનહામમાં ચાલી રહેલી ઈન્ટ્રા-સ્ક્વૉડ વૉર્મ-અપ મેચના બીજા દિવસે મુખ્ય ભારતીય ટેસ્ટ ટીમ સામે ભારત છ માટે શાનદાર સદી ફટકારી. ૨૭ વર્ષીય આ ખેલાડીએ ૭૬ બોલમાં ૧૦૧ રનની શાનદાર ઈનિંગ રમી, જ્યારે જસપ્રીત બુમરાહને તેના સાત ઓવરના સ્પેલમાં એક પણ વિકેટ ન મળી.

એક અહેવાલ પ્રમાણે ઈન્ડિયા 'A'એ બીજા દિવસે ભારતના ૪૫૯ રનના જવાબમાં બોર્ડ પર ૨૯૯/૬ નો સ્કોર બનાવ્યો, જેમાં ઈશાન કિશન ૪૫ અને શાર્દુલ ઠાકુર ૧૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. જ્યારે સરફરાઝ ખાને પોતાની વિસ્ફોટક સદીમાં ૧૫ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. અંતે તેને રિટાયર્ડ આઉટ કરવામાં આવ્યો જેથી અન્ય ખેલાડીઓને તક મળી શકે.

સરફરાઝની તાજેતરની સદીએ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તેની વધતી જતી પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે, આ સાથે જ તેણે ૨૦ જૂનથી શરૂ થનારી ૫ મેચની સીરિઝમાં સામેલ હોવા માટે દાવો ઠોક્યો છે. આ પહેલા, તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામેની એક બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં ૯૨ રન બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે, સરફરાઝનું નામ ટીમ ઈન્ડિયાની મુખ્ય ટીમમાં સામેલ કરાયું નથી.

ઈન્ડિયા ’છ’ ની ઈનિંગની શરૂઆત સારી નહોતી. ઓપનર ઋતુરાજ ગાયકવાડ માત્ર બે રન બનાવીને આઉટ થયો. મોહમ્મદ સિરાજે તેને પોતાના નવા બોલ પર શિકાર બનાવ્યો અને ઋષભ પંતે વિકેટ પાછળ શાનદાર કેચ પકડ્યો. જોકે, અભિમન્યુ ઈશ્વરન (૩૯) અને સાઈ સુદર્શન (૩૮) - જેઓ આગામી ટેસ્ટ ટીમનો ભાગ છે, તેમણે ટીમ માટે સારો સ્કોર કરી સ્થિતિને મજબૂત કરવા પ્રયાસ કર્યા.

ભારતીય બોલરોમાં સિરાજ (૨/૮૬) અને પ્રસિદ્ધ કૃષ્ણા (૨/૪૧) એ ૨-૨ વિકેટ લઈને શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે નીતિશ કુમાર રેડ્ડીને એક વિકેટ મળી. જોકે, ભારતનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહ્યો, તેણે પોતાની સાત ઓવરમાં ૩૬ રન આપ્યા અને એક પણ વિકેટ ન લીધી. અર્શદીપ સિંહ (૧૨ ઓવરમાં ૦/૫૨) પણ વિકેટ લીધા વિના ખાલી હાથે પાછો ફર્યો. તમને જણાવી દઈએ કે, પહેલા દિવસે ભારત માટે શુભમન ગિલ અને કેએલ રાહુલે અડધી સદીની ઈનિંગ રમી હતી.

## યાત્રા સ્થગિત થતાં ભક્તોને સુરક્ષિત સ્થળે રોકાવવા અપીલ

। કેદારનાથ, તા.૧૫ ।

કેદારનાથમાં હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ વરસાદી આફતે અનેક મુશ્કેલીઓ ઉભી કરી છે. અહીં યાત્રાળુઓના માર્ગ પર કાટમાળ પડતા એક શ્રદ્ધાળુનું મોત અને બે ઈજાગ્રસ્ત થયા છે. રસ્તા પર અનેક ઠેકાણા પાણી ભરાતા રસ્તો બંધ કરવાની નોબત ઉભી થઈ છે. ઘટના બાદ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી સોનપ્રયાગથી કેદારનાથ ધામ સુધીની પગપાળા યાત્રા આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવાઈ છે. આ કારણે અહીં અનેક શ્રદ્ધાળુઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગે કેદારનાથ ધામમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદ પડવાનું એલર્ટ જાહેર કર્યું છે અને અહીં સતત વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે ભૂસ્ખલન પ્રભાવીત જંગલચટ્ટીના રસ્તા પર ઘણું નુકસાન થયું છે. સલામતીના ભાગરૂપે અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને રાખી કેદારનાથ ધામની પગપાળા યાત્રા સોનપ્રયાગથી સ્થગિત કરવામાં આવી છે.

### બે મેચ ગુજરાતમાં પણ રમાશે

# ભારત પ્રવાસ પર આવશે ન્યુઝીલેન્ડ, BCCI એ IND vs NZ સીરીઝની કરી જાહેરાત

**કિવી ટીમ ૨૦૨૬ ની શરૂઆતમાં ત્રણ ODI અને ૫ મેચની T20 શ્રેણી રમવા માટે ભારત આવશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ન્યૂઝીલેન્ડના ભારત પ્રવાસનો શેડ્યૂલ જાહેર કર્યું છે. કિવી ટીમ આવતા વર્ષની શરૂઆતમાં એટલે કે ૨૦૨૬ માં ત્રણ ODI અને ૫ મેચની T20 શ્રેણી રમવા માટે ભારત આવશે. માર્ચ ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફી પછી બંને ટીમો વચ્ચે આ પ્રથમ મુકાબલો હશે. વિરાટ કોહલી અને રોહિત શર્મા T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે, તેથી આ જોડી ન્યૂઝીલેન્ડ સામેની ઁ શ્રેણીમાં જોવા મળશે. ન્યૂઝીલેન્ડનો ભારત પ્રવાસ ૧૧ જાન્યુઆરીએ રમાનારી પ્રથમ ODI મેચથી શરૂ થશે, જ્યારે શ્રેણી ૩૧ જાન્યુઆરીએ રમાનારી છેલ્લી T20 મેચ સાથે સમાપ્ત થશે. આગામી T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ને ધ્યાનમાં રાખીને ભારત માટે આ શ્રેણી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ભારત અને શ્રીલંકા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ માં સંયુક્ત રીતે T20 વર્લ્ડ કપનું આયોજન કરવા જઈ રહ્યા છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ODI માટે વડોદરાને યજમાની અધિકાર આપવામાં આવ્યો છે. ૧૫ વર્ષથી વધુ સમયમાં આ પહેલી વાર બનશે કે આ મેદાન પર પુરુષોની ક્રિકેટ મેચ રમાશે. આ મેચ નવા બનેલા કોટંબી સ્ટેડિયમમાં યોજાશે, જ્યાં ડિસેમ્બર ૨૦૨૪ માં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ મહિલા ODI મેચનું આયોજન થઈ ચૂક્યું છે. તેણે ૨૦૨૫ મહિલા પ્રીમિયર લીગ (WPL) ની છ મેચનું પણ આયોજન કર્યું હતું.

વડોદરામાં ૨૦૧૦ માં પુરુષોની ક્રિકેટની છેલ્લી મેચનું આયોજન કરવામાં આવ્યું હતું, આશ્ચર્યજનક વાત એ છે કે તે મેચમાં ન્યુઝીલેન્ડની ટીમનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ટીમ ઈન્ડિયાના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીર તે મેચમાં પ્લેયર ઓફ ધ મેચ હતા, તેમણે ન્યુઝીલેન્ડ સામે સદી ફટકારી હતી. વડોદરા પછી, ટીમો ગુજરાતમાં રહેશે કારણ કે રાજકોટમાં બીજી વનડે મેચ રમાશે, જે ૧૪ જાન્યુઆરીએ રમાશે. ત્યારબાદ, ૧૮ જાન્યુઆરીએ ઈન્દોરમાં વનડે શ્રેણીનું સમાપન થશે. આ મેચ મધ્ય ભારત પ્રવાસના તબક્કાની શરૂઆત કરશે, જેમાં પ્રથમ બે T20Iમાં પહેલી નાગપુર (૨૧ જાન્યુઆરી) અને બીજી રાયપુર (૨૩ જાન્યુઆરી) માં રમાશે. ત્યારબાદ ટીમો પ્રવાસના અંતિમ તબક્કા માટે પૂર્વ અને પછી દક્ષિણ તરફ જશે, જેમાં ત્રીજી, ચોથી અને પાંચમી ટી૨૦ મેચ ગુવાહાટી (૨૫ જાન્યુઆરી), વિશાખાપટ્ટનમ (૨૮ જાન્યુઆરી) અને તિરુવનંતપુરમ (૩૧ જાન્યુઆરી) માં રમાશે.

# મૂશળધાર વરસાદને કારણે અરુણચાલ પ્રદેશ ભારતથી સંપર્કવિહોણું થયું

### વરસાદના કારણે ચીની સરહદને અડીને આવેલા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોમાં પહોંચવું પણ મુશ્કેલ બની રહ્યું છે

। (એજન્સી) અંજાવ, તા.૧૫ ।

અરુણાચલ પ્રદેશમાં મૂશળધાર વરસાદે તબાહી મચાવી છે. આ ભારે વરસાદના કારણે અરુણાચલ પ્રદેશનો અંજાવ જિલ્લો છેલ્લા આઠ દિવસથી દેશના બાકીના ભાગોથી સંપૂર્ણપણે સંપર્કવિહોણું થઈ ગયું છે. આ ભારે વરસાદમાં ભારત-ચીન અને ભારત-મ્યાનમાર સરહદને જોડતા નેશનલ હાઈવે-૧૧૩ ધોવાઈ ગયો છે. આના કારણે આ રસ્તો પણ ઉપયોગ કરવા યોગ્ય નથી રહ્યો. આ હાઈવેના અરોવા ખુપા-હયુલિયાંગના મોનપાની સેક્શન પર પણ સ્થિતિ સારી નથી. આ કારણે સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જ ચીની સરહદને અડીને આવેલા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોમાં પહોંચવું પણ મુશ્કેલ બની રહ્યું છે. રસ્તો બંધ



થવાને કારણે દૂરના કિબિથૂ અને ચગલાગામ સુધી પહોંચવું મુશ્કેલ બની ગયું છે. આ બંને વિસ્તારો વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તે ચીન અને મ્યાનમારની સરહદ સાથે જોડાયેલા છે. બીજી તરફ ઘણા વિસ્તારોમાં સ્થાનિક સમુદાયના લોકો અલગ પડી ગયા છે. ખાસ કરીને હાયુલિયાંગ, હવાઈ અને આસપાસના ગામોમાં વસ્તુઓની ભારે અછત સર્જાઈ રહી છે. વાહનોની અવરજવર બંધ થવાને કારણે તમામ સ્થાનિક લોકો પગપાળા ચાલીને આવશ્યક વસ્તુઓ લાવવા માટે લાચાર છે. સ્થાનિક અધિકારીઓએ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. તેમાં સ્થાનિક રહેવાસીઓને રાત્રે મુસાફરી કરવાનું ટાળવા અને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ વચ્ચે મહિલા અને બાળ વિકાસ મંત્રી અને આ વિસ્તારના ધારાસભ્ય દાસાંગ્લૂ પુલે જમીન પર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું કે મોનાપાનીમાં કામ ચાલી રહ્યું છે. અધિકારીઓ આ માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરી રહ્યા છે. આ ઉપરાંત ફસાયેલા લોકોને મદદ કરવા માટે હેલિકોપ્ટર સેવા પણ શરૂ કરવામાં આવી છે. મંત્રી પુલે એ પણ જણાવ્યું કે, ‘ભવિષ્યમાં કોઈ સમસ્યા આવે તો તેનો ઉપયોગ કરી શકાય તે માટે એક કામચલાઉ રસ્તાને મંજૂરી આપવામાં આવી છે. એક વાર પરિસ્થિતિ સામાન્ય થયા પછી આ નવા રસ્તા માટે કામ શરૂ થશે.

### ચોમાસું ૭૨ કલાકમાં ગુજરાતમાં બેસી શકે છે

# ગુજરાતમાં ચોમાસું બેસવા માટે અનુકૂળ સ્થિતિ જોવા મળી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઉત્તર રાજસ્થાનમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જ્યારે રાજસ્થાનથી વિદર્ભ સુધી ટ્રફ લાઈન સર્જાઈ છે. બીજી બાજુ, અરબ સાગરથી ઓડિશા સુધી ટ્રફ લાઈન સક્રિય છે. ૧૯ દિવસ બાદ ચોમાસાને લઈ શુભ સંકેત સામે આવ્યા છે. ગુજરાતમાં ચોમાસું બેસવા માટે અનુકૂળ સ્થિતિ જોવા મળી રહી છે. તે જોતાં ચોમાસું ૭૨ કલાકમાં ગુજરાતમાં બેસી શકે છે. વરસાદની આગાહીની વાત કરીએ તો ૭ દિવસ રાજ્યમાં વરસાદી વાતાવરણની સંભાવના છે. હળવાથી લઈ અતિભારે વરસાદની સંભાવના છે. આજે નવસારી, વલસાડ, ડાંગમાં ભારે વરસાદની આગાહી છે. આવતીકાલે અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે. કાલે નર્મદા, તાપી, નવસારીમાં ભારે વરસાદનું એલર્ટ છે, ડાંગ, વલસાડમાં કાલે ભારે વરસાદની આગાહી છે. ૧૭ જૂને અમરેલી, ભાવનગરમાં અતિભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટમાં ૧૭, ૧૮ જૂને ભારે વરસાદની આગાહી છે. નવસારી, વલસાડમાં અતિભારે વરસાદની આગાહી છે. સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે અમરેલી, ભાવનગરમાં ૧૭, ૧૮ જૂને ઓરેન્જ એલર્ટ છે. આ વખતે નૈઋત્યના ચોમાસાના આગમને ખુશ કરી દીધા હતા. કેમ કે, સામાન્ય તારીખ ૧ જૂન કરતાં વહેલા ૨૪ જૂને જ ચોમાસાએ કેરળમાં દસ્તક દીધી હતી. જે બાદ મોટી છલાંગ મારતાં ખૂબ ઝડપથી લગભગ ૨૬ તારીખ સુધી મહારાષ્ટ્રના મુંબઈ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગ અનુસાર, આજે ગુજરાતના ઘણા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

### ઘટનામાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત

# મૃતદેહ લઇને જતી એમ્બ્યુલન્સનો ગોઝારો અકસ્માત : પાંચના મોત

। (એજન્સી) અમેઠી, તા.૧૫ ।

અમેઠીમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આજે વહેલી સવારે ૫:૩૦ વાગ્યે એમ્બ્યુલન્સ એક મૃતદેહને લઈને દિલ્હીથી પૂર્વાંચલ એક્સપ્રેસ વે થઈને બિહારના સમસ્તીપુર જઈ રહી હતી. આ દરમિયાન યુપીના અમેઠીમાં માછલીઓથી ભરેલા પિક-અપ વાહન સાથે આ એમ્બ્યુલન્સ અથડાઈ ગઈ.

આ ગોઝારા અકસ્માતમાં બે એમ્બ્યુલન્સ ડ્રાઈવર સહિત પાંચ લોકોના મોત થઈ ગયા છે. પુરનાહી પોલીસ સ્ટેશન વારિસનગર સમસ્તીપુરના રહેવાસી શંભુ રાય ગંભીર રીતે ઘાયલ થયો છે, તેને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. રાજ કુમાર ઉર્ફે સતીશ શર્મા પોતાના પિતા અશોક કુમાર શર્માનો મૃતદેહ લઈને એમ્બ્યુલન્સમાં દિલ્હીથી સમસ્તીપુર વિહાર જઈ રહ્યા હતા.

રસ્તામાં તેમના પરિવારના કેટલાક વધુ સભ્યો ફરીદાબાદથી



એમ્બ્યુલન્સમાં બેસી ગયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે એમ્બ્યુલન્સના ડ્રાઈવરને ઝોકું આવી ગયું અને એમ્બ્યુલન્સે કાબુ ગુમાવ્યો અને આગળ જઈ રહેલા માછલી ભરેલા પિકઅપ ટ્રક સાથે અથડાઈ ગઈ અને આ ભયંકર અકસ્માત સર્જાયો.

આ ટક્કર એટલી ભયાનક હતી કે એમ્બ્યુલન્સના બંને ડ્રાઈવરો સરફરાઝ રહેવાસી નલહાર પોલીસ સ્ટેશન મેવાત હરિયાણા અને અવિદ રહેવાસી ફિરોઝપુર પોલીસ સ્ટેશન નૂહ હરિયાણા અને તેમાં બેઠેલા મુસાફરો ફૂલ શર્મા રહેવાસી રવિ ટોલ પોલીસ સ્ટેશન હાથૌડી, વિવેક ઉર્ફે રવિ રહેવાસી રામભદ્ર પોલીસ સ્ટેશન કલ્યાણ જિલ્લા સમસ્તીપુર અને રાજકુમાર ઉર્ફે સતીશ શર્મા રહેવાસી રામભદ્ર કલ્યાણ, સમસ્તીપુર બિહારના દર્દનાક મોત નીપજ્યા છે. બીજી તરફ એક વ્યક્તિ ઘાયલ થયો છે.

કલ્યાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રામભદ્રપુર ગામના રહેવાસી અશોક શર્મા ૧૨ જૂને દિલ્હી ગયા હતા જ્યાં એક દિવસ પહેલા જ તેમનું હાર્ટ એટેકથી નિધન થયું હતું. તેમનો પુત્ર રાજકુમાર શર્મા ઉર્ફે સતીશ શર્મા દિલ્હીમાં એક ફેક્ટરીમાં કામ કરતો હતો. તે ત્રણ ભાઈઓમાં સૌથી નાનો હતો અને અપરિણીત હતો. રામભદ્રપુરના બલરામ શર્માનો પુત્ર રવિ શર્મા પણ દિલ્હીમાં એક ફેક્ટરીમાં કામ કરતો હતો અને રાજકુમાર શર્માના પિતા અશોક શર્માના મૃતદેહને લઈને ગામ આવી રહ્યો હતો. રસ્તામાં એમ્બ્યુલન્સ અને માછલી ભરેલી પિકઅપ વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં પાંચેયના મોત થયા છે.

## ચાલુ ગાડીએ રીલ બનાવતી યુવતીનું માથું જ કપાઈ ગયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવનો પ્રભાવ હવે હવાઈ મુસાફરી પર પણ દેખાવા લાગ્યો છે. ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ ૧૫ જૂન ૨૦૨૫ના રોજ એક મહત્વપૂર્ણ ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે, જેમાં મુસાફરોને ઉડાનમાં સંભવિત વિલંબ અને મુસાફરીના સમય વધવાની ચેતવણી આપવામાં આવી છે. એરલાઈને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી શેર કરતા કહ્યું કે, ઈરાનના એરસ્પેસમાં પ્રતિબંધોના કારણે ફ્લાઈટ રૂટ્સમાં ભારે ભીડ છે, જેના કારણે ઉડાનોમાં વિક્ષેપ આવી રહ્યો છે. ઈન્ડિગોએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ એરપોર્ટ જવા પહેલાં પોતાની ફ્લાઈટની સ્થિતિ ચોક્કસ તપાસી લે. એરલાઈને આ પણ પુનરાવર્તન કર્યું કે મુસાફરોની સુરક્ષા અને આરામ તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શું છે આનું કારણ? - આ ટ્રાવેલ એડવાઈઝરી પાછળનું કારણ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતો સૈન્ય તણાવ છે.

### અંતિમ યાત્રાનો રુટ જાહેર । તેમના પાર્થિવદેહને અંતિમ વિદાય આપવા માટેનો સંપૂર્ણ કાર્યક્રમ રૂપાણી પરિવાર દ્વારા જાહેર કરવામાં આવ્યો

# રાજકોટમાં સાંજે ૫ વાગ્યે નિવાસસ્થાનેથી વિજય રૂપાણીની અંતિમ યાત્રા નીકળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થયું હતું. તેમના પાર્થિવદેહને અંતિમ વિદાય આપવા માટેનો સંપૂર્ણ કાર્યક્રમ રૂપાણી પરિવાર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. કાલે, સોમવારે (૧૬ જૂન ૨૦૨૫) સાંજે ૫ વાગ્યે રાજકોટમાં તેમના નિવાસસ્થાનેથી અંતિમ યાત્રા નીકળશે અને રામનાથપરા સ્મશાનગૃહ ખાતે અંતિમવિધિ કરવામાં આવશે. આ ઉપરાંત, વિજયભાઈ રૂપાણી અને દુર્ઘટનાના અન્ય દિવંગતોની યાદમાં રાજકોટ અને ગાંધીનગરમાં પ્રાર્થના સભાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



### ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનને પગલે આજે રાજ્યવ્યાપી શોક

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ નિધન થયું હતું. તેમના અવસાનથી રાજ્યભરમાં શોકનો માહોલ છવાયો છે. ગુજરાત સરકારે તેમના માનમાં ૧૬ જૂન, ૨૦૨૫ (સોમવાર) ના રોજ એક દિવસનો રાજ્યવ્યાપી શોક જાહેર કર્યો છે. શોકના આ દિવસ દરમિયાન, રાજ્યભરની તમામ સરકારી ઈમારતો પર જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, ત્યાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. આ ઉપરાંત, શોકના દિવસે કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં. વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર ૧૬ જૂન, ૨૦૨૫ (સોમવાર) ના રોજ રાજકોટ ખાતે કરવામાં આવશે.

રૂપાણી પરિવાર દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, આવતીકાલે સોમવારે સવારે ૧૧.૦૦ વાગ્યે વિજયભાઈ રૂપાણીના પાર્થિવદેહને ગાંધીનગર નિવાસસ્થાનેથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવશે. સવારે ૧૧.૩૦ વાગ્યે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે પાર્થિવદેહનો સ્વીકાર કરાશે. ત્યારબાદ, સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન પાર્થિવદેહને સિવિલ હોસ્પિટલ અમદાવાદથી એરપોર્ટ લઈ જવામાં આવશે. બપોરે ૧૨.૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી ચાર્ટર ફ્લાઈટ દ્વારા રાજકોટ માટે ટેકઓફ થશે. બપોરે ૨.૦૦ થી ૨.૩૦ વાગ્યાની વચ્ચે પાર્થિવદેહને રાજકોટ એરપોર્ટથી ગ્રીનલેન્ડ ચોકડી લાવવામાં આવશે.

બપોરે ૨.૩૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન ગ્રીનલેન્ડ ચોકડીથી રાજકોટ સ્થિત તેમના નિવાસસ્થાને (પૂજિત, ૨/૫ પ્રકાશ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ સામે, રાજકોટ) લઈ જવામાં આવશે. ગ્રીનલેન્ડ ચોકડીથી રણછોડદાસ બાપુ આશ્રમ, સામેનો રોડ, બાલક હનુમાન ચોક, કેડી ચોક, સંત કબીર રોડ, સરદાર સ્કૂલ પાસેથી પૂજિત રૂપાણી ટ્રસ્ટ, ભાવનગર રોડ ઝોન ઓફિસ, પારેવડી ચોક, કેસરીહિંદ પુલ, સિવિલ હોસ્પિટલ ચોક, ચૌધરી હાઈસ્કુલ, બહુમાળી ભવન, જીલ્લા પંચાયત ચોક, કિશાનપરા ચોક, હનુમાન મઢી ચોક, રૈયા રોડ, નિર્મલા કોન્વેન્ટ રોડ થઈને પ્રકાશ સોસાયટી સ્થિત નિવાસસ્થાને પહોંચશે. સાંજે ૪.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી વિજયભાઈના નિવાસસ્થાને પાર્થિવદેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવશે.

સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમિયાન નિવાસસ્થાનેથી રામનાથપરા સ્મશાન સુધી અંતિમ યાત્રા નીકળશે.

આ અંતિમયાત્રા પ્રકાશ સોસાયટી (નિવાસસ્થાન) થી શરૂ થઈને નિર્મલા કોન્વેન્ટ રોડ, કોટેચા ચોક (કાલાવડ રોડ), મહિલા કોલેજ ચોક, એસ્ટ્રોન ચોક, સરદારનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ, માલવિયા ચોક, ત્રિકોણબાગ ચોક, કોર્પોરેશન ચોક, બાલાજી મંદિર ચોક, રાજશ્રી ટોકીઝ રોડ, સ્વામિનારાયણ મંદિર (ભુપેન્દ્ર રોડ) થઈને અંતે રામનાથપરા સ્મશાન પહોંચશે.

રાજકોટમાં પ્રાર્થનાસભાઃ મંગળવાર, ૧૭ જૂન ૨૦૨૫ ના રોજ સાંજે ૩.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી રેસકોર્સ મેદાન, રાજકોટ ખાતે યોજાશે.

ગાંધીનગરમાં પ્રાર્થનાસભા (પરિવાર દ્વારા): ગુરુવાર, ૧૯ જૂન ૨૦૨૫ ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી હોલ નં. ૧, એક્ઝિબિશન સેન્ટર, હેલીપેડ ગ્રાઉન્ડ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગરમાં ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ સભાઃ શુક્રવાર, ૨૦ જૂન ૨૦૨૫ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી કમલમ, કોબા, ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ દ્વારા વિજયભાઈ રૂપાણી અને તમામ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રાર્થનાસભા યોજાશે.

## અમદાવાદ પ્લેન દુર્ઘટનાની તપાસ માટે ક્રેશ સાઇટ સીલ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદમાં થયેલી ગોઝારી વિમાન દુર્ઘટના બાદ રાહત, બચાવ અને તપાસની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દુર્ઘટનાની તપાસ ઝડપી અને સરળતાથી થાય તે માટે ઘટનાસ્થળને સંપૂર્ણપણે સીલ કરવામાં આવ્યું છે. ગુજરાતના પોલીસ મહાનિર્દેશક (DGP) દ્વારા લોકોને ક્રેશ સાઇટથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે, જ્યારે રાજ્યના ગૃહમંત્રીએ ઘટનાસ્થળેથી મળેલા મૃતકોના સામાનને કાળજીપૂર્વક તેમના પરિવારજનોને પરત કરવામાં આવશે તેવી ખાતરી આપી છે. ગુજરાતના હ્રઁએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે, "બચાવ અને રાહત કાર્યમાં તાત્કાલિક જોડાઈને મદદ કરનાર તમામ સ્થાનિક રહેવાસીઓ અને સ્વયંસેવકોનો અમે આભારી છીએ. છેલ્લા બે દિવસથી, તપાસના હેતુથી પુરાવા એકત્રિત કરવા માટે સમગ્ર વિસ્તારને કોર્ડન અને સીલ કરવામાં આવ્યો છે. અમે સૌને અપીલ કરીએ છીએ કે કૃપા કરીને ક્રેશ સાઇટ નજીક ન જાવ."

## અમદાવાદ પ્લેન ક્રેશઃ અત્યાર સુધી ૩૫ મૃતદેહો પરિવારને સોંપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત સરકાર દ્વારા અમદાવામાં AI-171 વિમાન દુર્ઘટના બાદ યુદ્ધના ધોરણે રાહત-બચાવની કામગીરી કરાઈ રહી છે. ૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ ક્રેશ થઈ હતી, જેમાં ૨૭૯ લોકોના મૃત્યુ થયા છે. આ દુર્ઘટના પછી ડીએનએ સેમ્પલ લઈને મૃતદેહોની ઓળખ શરૂ કરાઈ હતી, જે અંતર્ગત અત્યાર સુધી ૨૫ મૃતદેહો તેમના પરિવારનો સોંપાયા છે. ડીએનએ સેમ્પલિંગ માટે ૧૨ ટીમ શિફ્ટ મુજબ કાર્યરત છે. બીજી તરફ, મૃતક મુસાફરોના કાયદેસરના વારસદારોને વીમા-દાવાની ચૂકવણી કરવા માટે પણ હેલ્પ ડેસ્ક શરૂ કરાયા છે. આ માટે નોડલ અધિકારીઓની પણ નિમણૂક કરાઈ છે. પ્લેન ક્રેશની આ દુર્ઘટનામાં મોટા ભાગના મૃતદેહો બળી ગયા હતા. આ કારણસર મૃતદેહોની ઓળખ માટે ડીએનએ સેમ્પલિંગનું કામ શરૂ કરાયું છે.

### મહાનગર પાલિકા દ્વારા મેગા ડિમોલિશન

# જામનગરમાં રંગમતિ નદીના પટ્ટામાં થયેલા દબાણ સામે મેગા ડિમોલિશન

### એક ધાર્મિક સ્થળ પર લક્ઝરી સુવિધાઓ મળી આવી, સ્વિમિંગ બાથ ટબ, માર્બલના રૂમો જેવી સુવિધાઓ

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।

જામનગર શહેરમાં મહાનગર પાલિકા દ્વારા રંગમતિ નદીના પટ્ટામાં થયેલા દબાણ સામે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી. ૨૦૦ કરોડની સરકારી જમીન ખાલી કરાવવાના આ વિશાળ અભિયાનમાં સૌથી વધુ ચમકાવનારો દ્રશ્ય બચુનગર વિસ્તારમાં જોવા મળ્યો, જ્યાં ધાર્મિક સ્થળના દબાણમાં લક્ઝરીયસ સુવિધાઓ ઉભી કરાઈ હોવાનું ખુલ્યું.

મહત્વની વાત એ રહી કે, અંદાજે ૧૧,૦૦૦ ચોરસ ફૂટ જેટલી જગ્યા ધરાવતું આ બિનઅધિકૃત ધાર્મિક સંકુલ માત્ર ધાર્મિક કૃત્યો માટે નહિ, પરંતુ અંદરથી સંપૂર્ણ રીતે લક્ઝરીયસ "રેસ્ટ હાઉસ" જેવું લાગતું હતું.

જ્યારે તંત્રના અધિકારીઓ કમિશ્નર ડી.એન. મોદી અને એસ.પી. પ્રેમસુખ ડેલુ ની સાથે સ્થળ તપાસ માટે આવ્યા ત્યારે આ અભૂતપૂર્વ દ્રશ્યો જોઈને તેઓ પણ અચંબિત થઈ ગયા. 'યા મિસ્કીને નવાજ' નામની મજાર શરીફમાં જોએલી આ ભવ્ય સુવિધાઓ સામે સવાલો ઊઠ્યા છેઃ આ લક્ઝરી સુવિધાઓ માટેનું ફંડ ક્યાંથી આવ્યું? અને ધાર્મિક સ્થળોમાં આવાં આધુનિક સાધનો કેવી રીતે ઉભા કરાયા?



ધાર્મિક સ્થળો કોઈ પણ વ્યવસાયિક કે ખાનગી હેતુ માટે નહીં પણ શાંતિ અને સમર્પણ માટે હોઈએ છે. પરંતુ અહીં જે રીતે લક્ઝરી સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી, તે આ નીતિ પર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે.

તંત્ર દ્વારા પહેલા નોટીસ આપી દેવામાં આવી હતી અને ઘણાં લોકોએ દબાણ અગાઉથી ખાલી કરી દીધું હતું, જેના કારણે લગભગ ૩૦૦ દબાણો એક જ દિવસે દૂર કરી શકાયાં. પરંતુ હવે આ "લક્ઝરી ધાર્મિક દબાણ"ની વિગતો બહાર આવતા તપાસની નવી દિશા ખુલ્લી થઈ છે. મહાનગર પાલિકાના બુલડોઝર કામગીરી બાદ એસઓજી દ્વારા આ દબાણોની પાછળ કોનો હાથ હતો, કોને રાહત મળી હતી અને ક્યાંથી આવી ભવ્યતા ઉભી થઈ – તેની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

### અકસ્માત પછી આર્યન આખી રાત સૂઈ શક્યો નહીં

# પ્લેન ક્રેશનો વીડિયો બનાવનાર આર્યન હાલ ભારે આઘાતમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતના અમદાવાદમાં ગુરુવાર, ૧૨ જૂનના રોજ થયેલા પ્લેન ક્રેશનો વીડિયો બધાએ જોયો છે. આ વીડિયોમાં, પ્લેન ખૂબ જ નીચે ઉડે છે અને પછી ક્રેશ થાય છે તે જોવા મળે છે. આ ઘટના પછી, સોશિયલ મીડિયા પર તેનો વીડિયો સૌથી વધુ વાયરલ થયો છે. ત્યારે આ અકસ્માતનો વીડિયો રેકોર્ડ કરનાર ૧૭ વર્ષનો છોકરો આખું દ્રશ્ય જોઈને ખૂબ જ ડરી ગયો છે.

અમદાવાદનો રહેવાસી ૧૭ વર્ષનો આર્યન હંમેશા શોખ માટે પ્લેનનો વીડિયો બનાવતો હતો. ગુરુવારે પણ, તે એક સામાન્ય વીડિયો બનાવી રહ્યો હતો. વીડિયો રેકોર્ડ કરતી વખતે. આર્યને લાગ્યું કે પ્લેન રનવે પર ઉતરી રહ્યું છે, પરંતુ થોડીક સેકન્ડ પછી થયેલા વિસ્ફોટથી તે હચમચી ગયો.

પ્લેન ક્રેશ અકસ્માત પછી આર્યન ખૂબ જ ડરી ગયો છે. શનિવારે મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે હું જીવનમાં એકવાર પ્લેનમાં બેસવા માંગતો હતો, પણ આ અકસ્માત પછી, હું પ્લેનમાં બેસવાની હિંમત પણ નહીં કરી શકું. મને લાગે છે કે આ કારણોસર, હું જીવનમાં ક્યારેય પ્લેનમાં સફર નહીં કરુ. આર્યનની બહેને કહ્યું કે વિમાન અકસ્માત પછી તેનો ભાઈ ખૂબ જ પરેશાન છે. આર્યને મને વીડિયો બતાવ્યો અને કહ્યું કે તે અહીં રહેવા માંગતો નથી કારણ કે તે ખતરનાક છે. તે ખૂબ જ ડરી ગયો છે. તે જ દિવસે બરાબર બોલી શકતો પણ ન હતો.

આર્યન જે ભાડાના ઘરમાં રહે છે તે ઘરના માલકિને પણ આર્યનની મુશ્કેલી વિશે જણાવ્યું છે. તેમણે કહ્યું કે 'જ્યારે હું ઘટના પછી આવી ત્યારે મેં જોયું કે તે બોલી પણ શકતો ન હતો. મેં તેને ઘણું સમજાવ્યું. તે આખી રાત જાગતો રહ્યો. તે શાંત થઈ ગયો છે, પણ તે કંઈ ખાઈ રહ્યો નથી.

# અમદાવાદ પ્લેન ક્રેશના મૃતદેહો સોંપવાના નામે થઈ રહ્યું છે મોટું ફ્રોડ

### લેભાગુ તત્વો પરિવારજનોને ફોન કરીને પૈસા પડાવે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ વિમાન દુર્ઘટનાથી આખો દેશ આઘાતમાં છે. હાલ મૃતકોના DNA તેમના સંબંધીઓ સાથે મેચ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે આ દુઃખદ ઘટના સમયે પણ કેટલાક લેભાગુ તત્વો છેતરપિંડી કરી રહ્યા છે.

મૃતકના પરિવારજનોને ફોન કરી સરકારમાંથી બોલતા હોવાનું લેભાગુ તત્વો કહે છે. વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના સ્વજનો તેમના પરિવારજનના અવશેષો ઓળખાય અને તેમના મૃતદેહ મળે તેની રાહત જોઈ રહ્યા છે, ત્યારે આવા લેભાગુ તત્વો પરિવારજનોને ફોન કરીને પૈસા પડાવે છે. ત્યારે સિવિલ હૉસ્પિટલ તંત્રએ સ્પષ્ટતા કરી છે કે, નિયત કરેલા નંબર સિવાય કોઈપણ નંબર પરથી ફોન આવે તો તેની જાળમાં ન ફસાવા અપીલ કરવામાં આવી છે. મૃતદેહ સોંપવા માટે કોઈ પણ પ્રકારના નાણાં તંત્ર લેતું નથી તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ૪૨ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. ૩૨ના પરિવારના સંપર્ક કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૪ મૃતદેહ પરિવારજનો સોંપાયા છે. જેમાં અમદાવાદના ૪, વડોદરાના ૨, ખેડા ૧, અરવલ્લી ૧ બોટાદના ૧, મહેસાણા ૪, ઉદયપુર ૧ નો સમાવેશ થાય છે.

આ દુર્ઘટનાના પગલે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી ઓળખની કામગીરી અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે બપોરે ૧૨.૦૦ કલાકે મીડિયા બ્રીફિંગ દરમિયાન આ માહિતી આપી હતી. જે મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા છે તેમના પાર્થિવદેહને પરિવારજનોને સન્માનપૂર્વક સોંપવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે. એર ઈન્ડ્યામા મૃતકોના પરિવારજનોને કોઇ પણ મુશ્કેલી ન પડે તે માટે પોલીસની ખાસ કામગીરી જોવા મળી છે. પોલીસ પરિવારજનોને તમામ ડોક્યુમેન્ટસની ફાઇલ તૈયાર કરીને મૃતદેહોને આપી રહી છે. પોલીસ એસ્કોર્ટ કરીને મૃતદેહને તેમના વતન પહોંચાડવામાં મદદ કરી રહી છે. એટલું જ નહિ, અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ ઘટના સ્થળેથી સામાનને એકત્રિત કરવાની પ્રક્રિયા પણ ચાલુ કરાઈ છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોસ્ટ કરી આ માહિતી આપી છે. તમામ સામાનનું દસ્તાવેજીકરણ કરાશે. સામાન સંબંધિત મૃતકના પરિવારને સોંપાશે.

### કાંકરિયા રેલવે યાર્ડ પાસે ટ્રેનમાંથી ઉતરવા જતાં ઝડપાયા

# ૧.૭૩ લાખના ગાંજાના જથ્થા સાથે ઓરિસાના બે શખ્સો ઝડપાઈ ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતમાં ધોરી માર્ગો ઉપર પોલીસને ધોંસ વધતા હવે નશાના કારોબાર કરનારા શખ્સો માદક પદાર્થના જથ્થાની રેલવમાં હેરાફેરી કરી રહ્યા છે. કાલુપુર રેલવે પોલીસે કાંકરિયા યાર્ડ પાસે ટ્રેનમાંથી ઓરિસ્સાના બે શખ્સો પાસે રૂા.૧.૭૩ લાખના ગાંજાના જથ્થા સાથે પકડી પાડયા હતા. આ બનાવ અંગે કાલુપુર રેલવે પોલીસે ઓરિસ્સાના ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરવાની કાર્યવાહી શરુ કરી છે. નડિયાદથી મણિનગર વચ્ચે ટ્રેનમાં અજાણી વ્યક્તિ ગાંજાનો જથ્થો લેવા આવાવાનો હતો : સિગ્નન ન મળતાં ટ્રેન રોકાઈ અને કાંકરિયા રેલવે યાર્ડ પાસે ટ્રેનમાંથી ઉતરવા જતાં ઝડપાયા કાલુપુર રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હે.કોન્સ્ટેબલ હાર્દિકભાઈએ કાલુપુર રેલવે પોલીસમાં ઓરિસ્સાના વતની સુરેશ તથા ચીતરંજ અને પપ્પુ સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે સાંજે તેઓ ગાંમતીપુરથી કાકરિયા યાર્ડ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા આ સમયે પુરી અમદાવાદ ટ્રેન આવી હતી જો કે સિગ્નલ ન મળ્યું હોવાથી ટ્રેન ઉભી રહી હતી આ સમયે બે પેસેન્જર કોલેજીયન બેગ સાથે ઉતર્યા હતા. પોલીસને શંકા જતાં બેગની તલાસી લેતામાં તેમાંથી વનસ્પતિ જન્ય રૂા.૧,૭૩,૫૦૦ની કિંમતનો ગાંજાનો કુલ ૧૭.૩૫૦ કિ.ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં બે આરોપીઓને ઓરિસ્સાના પપ્પુએ આપ્યો હતો અને આ જથ્થો નડિયાદથી અમદાવાદ વચ્ચે કોઈક અજાણી વ્યક્તિ લેવા આવવાની હતી અને બન્ને યુવકોને મહેનત પેટે રૂા. ૩૦૦૦-૩૦૦૦ મળવાના હતા. આ ઘટના અંગે કાલુપુર રેલવે પોલીસે ઓરિસ્સાના ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરવાની કાર્યવાહી શરુ કરી છે.

# કડી શહેર પ્રમુખ શંકરસિંહ વાઘેલાની પાર્ટીમાં જોડાયા

### ચૂંટણીના ૪ દિવસ પહેલા જ આમ આદમી પાર્ટીને ઝટકો

। (એજન્સી) કડી, તા.૧૫ ।

ગુજરાતમાં કડી અને વિસાવદર પેટા ચૂંટણી પહેલા કડીમાં આમ આદમી પાર્ટીના જ કડીના શહેર પ્રમુખ રાજીનામું આપી પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીમાં જોડાયા છે, ત્યારે હવે ચૂંટણીના ૪ દિવસ પહેલા જ આમ આદમી પાર્ટીને ઝટકો લાગ્યો છે. આમ આદમી પાર્ટીના કડી શહેર પ્રમુખ મુનિર ખાન પઠાણે આજે રવિવારે (૧૫ જૂન) સત્તાવાર રીતે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીમાં જોડાઈ ગયા છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તથા પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રિદ્ધિરાજસિંહ પરમારની ઉપસ્થિતિમાં જ અગાઉ ચર્ચા કરીને પાર્ટીમાં જોડાઈ ગયા છે.

મુનિર ખાન પઠાણે જણાવ્યું કે, તેઓ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની લોકહિતની નીતિઓથી પ્રભાવિત થઈને આ નિર્ણય લીધો છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર ડૉ. ગિરીશ કાપડિયાને સમર્થન આપવાની સાથે આમ આદમી પાર્ટીના ભાજપ તરફી વલણથી બહાર નીકળી કડીની જનતાની સેવા કરવા માટે તેઓએ તેમના સમર્થકો સાથે પ્રજા શક્તિ ડેમોક્રેટીક પાર્ટી સાથે જોડાયા છે. આ રાજકીય જોડાણ એવા સમયે થયું છે, જ્યારે કડી વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણી જાહેર થઈ છે. આ બેઠક પૂર્વ ભાજપ ધારાસભ્ય સ્વ.કરશનભાઈ સોલંકીના અવસાનને પગલે ખાલી પડી હતી. પેટા ચૂંટણી માટે મતદાન ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ યોજાવાનું છે અને પરિણામો ૨૩ જૂન, ૨૦૨૫ના રોજ જાહેર થશે. ગુજરાતમાં યોજાઈ રહેલી વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની પેટા ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાની પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી પણ ચૂંટણી લડી રહી છે.

